मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું અંક ૯ મો

આષાઢ

ઇ. સ. ૧૯૪૭ ૨૧ જુન

શાહ ધનજીભાઇ પ્રેમચંદ.

[illegible]

—× કરીયાણાના વેપારી. ×—

વઢવાણ કેમ્પ.

વીર સં. ૨૪૭૩ વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું<br>અંક ૯ મો | આષાઢ | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |


## अनुक्रमणिका


૧. માતરતીર્થમંડન શ્રી સુમતિજિન સ્તવન ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૨૦૫

૨. બાર માસ, બાર વ્રત અને ચોવીશ તીર્થંકર ગર્ભિત ગરબો ... ... ( કવિ ભવાનભાઈ જેચંદભાઈ ) ૨૦૬

૩. **चिद्‌रूप आतमराम है ।** ... ... ( રાજમલ ભંડારી ) ૨૦૭

૪. વૈરાગ્યબોધ ... ... ... ( મુનિરાજશ્રી વિનયવિજયજી ) ૨૦૮

૫. સત્કાર્યવાદ ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) ૨૦૯

૬. માનસશાસ્ત્ર અને ધર્મ : Psychology and Religion ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૧૪

૭. પ્રભુ મહાવીર અને શ્રેણિક ... ( ડો. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ) ૨૧૮

૮. „ „ ... ... ( શ્રી જાદવજી તુલસીદાસ શાહ ) ૨૨૩

૯. મંત્રવિદ્યા અને ચમત્કાર ... ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૨૨૬

૧૦. નોંધ ... ... ... ... ... ... ( ઉધ્ધૃત ) ૨૨૯


## આવતો અંક

**આષાઢ** માસનો આ અંક તા ૨૧ મી જુન આષાઢ શુદિ ૩ ના રોજ પ્રગટ થયો છે. શ્રાવણ માસ બે છે એટલે પ્રથમ ( અધિક ) શ્રાવણનો અંક રાબેતા મુજબ બહાર પાડવામાં આવશે નહીં. હવે પછીનો દસમો અંક દ્વિતીય શ્રાવણ શુદિ ૫ તા. ૨૧ મી ઓગસ્ટના રોજ બહાર પડશે, તો વાચકોએ તા. ૨૧ મી જુલાઇના અંક બદલ ઇંતેજારી ન રાખવી.




પુસ્તક ૬૩ મું.
અંક ૯ મો.

: આષાઢ :

વીર સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩

## માતર તીર્થ-મંડન શ્રી સુમતિજિન સ્તવન.

( સાહિબા વાસુપૂજ્ય જિણંદા—એ દેશી. )

સુમતિ જિનેશ્વર અર્ચિતકેસર, વરસુમનસ વરઅંગ સુહાવે;
ભકિત કરી ભવિયાં અલવેસર, ગુણ સ્તવના કરે અંગ ડોલાવે. સુમતિ૦ ૧

તું વીતરાગ મહોદય મોટો, મ્હારો, મેં દર્શન નિર્મળ પાયો;
દૂર ગઇ ભ્રાંતિ મેં નિશ્ચય કીનો, તું હિ જ દેવ અવર ના ભિનો. સુમતિ૦ ૨

માતર તીર્થ તું પ્રગટ વિરાજે, સાચા દેવ તરીકે ગાજે;
નિશદિન ભવિયાં ભાવે આવે, ભક્તિ કરે મનરંગ જમાવે. સુમતિ૦ ૩

દુષમ દોષે દૂષિત આરો, પણ સુધર્યો પ્રભુ મુજ જન્મારો;
તુજ આણા સેવા સુખકારી, આપે ફલ સુરતરુ નિરધારી. સુમતિ૦ ૪

તુજ આગે પ્રભુ વિનતિ સારી, કર જોડી કરે રુચક વિચારી;
આ ભવ હોજો અખંડા પ્યારી, તુજ સેવા આતમહિતકારી. સુમતિ૦ ૫

મુનિરાજશ્રી રુચકવિજયજી

# બાર માસ, બાર વ્રત ને ચોવીશ તીર્થંકરગર્ભિત ગરબો.

( શ્રાવક વ્રત સુરતરુ ફળીયો–એ રાગ )

**કારતકે** કૂડકપટ તજીએ, આદિનાથ અજિતજિનને ભજીએ;
પ્રાણાતિપાત પહેલું તજીએ રે, શ્રાવક ઉત્તમ કુળ આવ્યો.

**માગશરે** મૃષાવાદ છોડો, સંભવ જિન સાથે પ્રીતિ જોડો;
અભિનંદન આજ્ઞા નહીં તોડો રે, શ્રાવક૦ ૧

**પોષે** પૂજા કરો પ્રીતે, સુમતિ પદ્મ સેવો એકચિત્તે;
અદત્તાદાન તજો રૂડી રીતે રે, શ્રાવક૦ ૨

**મહા** માસે મૈથુનથી ખસવું, સુપાર્શ્વજિન પાસે જઇ વસવું;
ચંદ્ર પ્રભુ સેવામાં જઇ ઠસવું રે, શ્રાવક૦ ૩

**ફાગણે** ફળ તમે ચાખો, સુવિધિ શીતળ સેવા દાખો;
પરિગ્રહ પરિમાણુ કરી રાખો રે, શ્રાવક૦ ૪

**ચૈતરે** દિક્પરિમાણ ધારો, શ્રેયાંસ જિન સેવા સ્વીકારો;
વાસુપૂજ્ય વિભુ અમને તારો રે, શ્રાવક૦ ૫

**વૈશાકે** વિમલ જિન વાણી, તજો ભોગોપભોગ પ્રાણી;
અનંત પ્રભુ કહે એમ તાણી રે, શ્રાવક૦ ૬

**જેઠે** ઝીણી જયણા પાળો, આઠમું અનર્થદંડ સંભાળો;
ધર્મ શાંતિ સેવા અજવાળો રે, શ્રાવક૦ ૭

**અષાડે** ઉપાધિ મૂકો, નવમું સામાયક નવ ચૂકો;
કુંથુ અર સેવામાં ઝૂકો રે, શ્રાવક૦ ૮

**શ્રાવણે** સેવા મલ્લિની કરજો, દશમે દેશાવગાસિક ઉચ્ચરજો;
મુનિસુવ્રત શિક્ષા શિર ધરજો રે, શ્રાવક૦ ૯

**ભાદરવે** ભાવ ભલા ધરવા, પર્વતિથે પોસહ ઉચ્ચરવા;
ગાઓ નમિ નેમિ ગુણ ગરવા રે, શ્રાવક૦ ૧૦

**આસોએ** ઉત્તમ ગુણ લેવા ભજો, પ્રભુ પાર્શ્વ ને વીર દેવા;
બારમે અતિથિની સેવા રે, શ્રાવક૦ ૧૧

બારે માસ બાર વ્રત ધરશું, સેવા જિન ચોવીશની કરશું;
**ભવાન** કહે ભવસાગર તરશું રે, શ્રાવક૦ ૧૨

**કવિ ભવાનભાઇ જેચંદભાઇ–વરલ**

# चिद्रूप–आतमराम है।

चिद्रूप के वह कार्य भी, चिद्रूप हैं।
प्रतक्ष्य कैसे दीख सके, जो दृष्टि से अदृश्य है? ॥ १ ॥

आतमा को चाहती है, आतमा यह देखना।
पकड़ा है जिस का हाथ, उसको क्या अरे! पहिचानना ॥ २ ॥

प्राण और प्राणप्रिया!, साथ में यह देह है।
मोह में इसने भूलाया, यह बड़ा संदेह है ॥ ३ ॥

चिद्रूप है चेतन मगर, देह पुद्गलरूप है।
देह के आवेश में, चेतन हुवा कदरूप है ॥ ४ ॥

मैं कौन हूं मेरा है क्या?, इसकी नहीं पहिचान है।
तो दूर है चिद्रूप से, इसकी ही खेंचातान है ॥ ५ ॥

कहता है चेतन!, हाथ मेरा और मेरा पांव है।
नाक मेरा आंख मेरी, और मेरा कान है ॥ ६ ॥

शीर्ष और कपाल मेरा, और मेरे बाल है।
भावन मेरा डाढ़ी मेरी, और मेरे गाल है ॥ ७ ॥

दांत और जबान मेरी, और मसुड़े लाल है।
होट मेरा कंठ मेरा, और मेरी नाल हैं ॥ ८ ॥

स्तन मेरे छाती मेरी, और वह भुजबन्द है।
कलाई मेरी व हथेली, और नाभि दण्ड है ॥ ९ ॥

पेट मेरा कमर मेरी, और मोटी जांघ है।
घुटना मेरा पिण्डी मेरी, और पग की ताल है ॥ १० ॥

पोंचा मेरा अंगुली मेरी, और हस्त की ताल है।
चट्टी तरजनी व अनामिका, व अंगुठा नाम है ॥ ११ ॥

हस्तरेखा पांवरेखा, व नाखुनादि नाम है।
ऐसे अनेको देह के यह, अंग प्रतिअंग नाम है ॥ १२ ॥

चिद्रूप चेतन कौन है? उसका कहां मुकाम है?
नाम है जिस तत्त्व का, उसका कहां वह ठाम है? ॥ १३ ॥

पहिचान करना इसकी पहिले, ये ही मुख्य काम है।
इसको समझ लें तो समझना, सार्थ ही सब काम है ॥ १४ ॥

देहमंदिर में रहा, चिद्रूप आतमराम है।
अष्टकर्म रावण जीतना, इस राम का ही काम है ॥ १५ ॥

चिद्रूप, चेतन, हंस, जीव, और आतम नाम है।
इस रूप को पहिचानना, महाआत्म का ही काम है ॥ १६ ॥

आत्म और परमात्म में, अष्ट कर्म का ही भेद है।
इस भेद को ही दूर करना, आत्म का उद्देश्य है। ॥ १७ ॥

बाह्य भाव से मुक्त हो, निज भाव ही एक श्रेष्ठ है।
'राज' इस में रमण करना, ही सदा यथेष्ट है ॥ १८ ॥

राजमल भंडारी–आगर (मालवा)

# વૈરાગ્ય બોધ

(ઉત્તર દિશાથી આવીયો, અંજના મારું ગામ રે, અંજના મારું ગામ રે; રાજા રામચંદ્રે મને મોકલ્યો, રાજા રામચંદ્રે મને મોકલ્યો, હનુમાન મારું નામ રે જી–એ રાગ)

સરસ્વતી શારદાને સમરીએ, ગણધર લાગું હું પાય રે, ગણધર લાગું હું પાય રે;
શ્રી જૈન ધર્મ આરાધવા–શ્રી જૈન ધર્મ આરાધવા, સહાય કરો સદાયરે જી. ૧
પ્રભુપૂજન પ્રીતે કરો, હર્ષ આણીને આજ રે, તમે હર્ષ આણીને આજ રે;
ભવજળ તરવા કારણે, કંઇ ભવજળ તરવા કારણે, જપો તમે જિનરાજરે જી. ૨
મોહજાળના પાસથી, બંધાણો છું હું ખાસ રે, કંઇ બંધાણો છું ખાસ રે;
તે છૂટવાની આશથી, કંઈ તે છૂટવાની આશથી, આવ્યો છું તુમ પાસરેજી. ૩
કામ ક્રોધ ને લોભની, માયાની જંજાળ રે, પ્રભુ માયાની જંજાળ રે;
તે સઘળાના ત્રાસથી, પ્રભુ તે સઘળાના ત્રાસથી, દુઃખી છું દીનદયાળરે જી. ૪
મોટા મોટા હોદ્દા લઈ, લૂંટ્યાં મેં લોક અનેક રે, પ્રભુ લૂંટ્યાં મેં લોક અનેક રે;
પરમારથમાં ન વાપર્યું, કંઇ પરમારથમાં ન વાપર્યું, તોયે ન રહી કોડી એકરે જી. ૫
વાડી ગાડી કામિની, અંતે ન આવ્યું કામ રે, પ્રભુ અંતે ન આવ્યું કામ રે;
સર્વ તજી જાશું એકલા, પ્રભુ સર્વ તજી જાશું એકલા, પહોંચશું સ્વધામરે જી. ૬
ચાર કષાયથી મુકત કરી, આપોને શિવપુરરાજ રે, પ્રભુ આપોને શિવપુરરાજ રે;
સૂરિ વિજયવલ્લભ પસાયથી, સૂરિ વિજયવલ્લભ પસાયથી, વિનય નિત્ય ગુણ ગાયરે જી. ૭

મુનિરાજશ્રી વિનયવિજયજી.

# સતકાર્યવાદ

લેખક—**આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

**પ્ર**ભુશ્રી મહાવીરના જમાલી ભાણેજ અને જમાઈ પણ થાય. તે રાજપુત્ર હતા. તેમણે વિરક્તભાવે દીક્ષા ગ્રહણ કરી. અરસનિરસ આહાર કરવાથી દાહઃ જ્વરનો વ્યાધિ થયો. એક દિવસ અસહ્ય વેદનાને લઇને ઉભડક બેસી શકયા નહિં એટલે સાધુઓને જલદી સંથારો પાથરવાનું કહ્યું. સાધુઓ સંથારો પાથરવા લાગ્યા. જરા વાર લાગવાથી વેદનાથી અકળાઇને જમાલીએ પૂછયું–કેમ સંથારો પાથર્યો ? ઉત્તરમાં સાધુઓએ હા ભણી એટલે પોતે સંથારા પાસે આવ્યા અને જુએ છે તો સંથારો પથરાતો હતો પણ પથરાયો નહોતો. તે જોઇને જમાલીને કાંઇક ક્રોધ આવ્યો અને મિથ્યાત્વ મોહનો ઉદય થવાથી પ્રભુનું '**क्रियमाणं कृतं**' વચન સંભારીને વિચારવા લાગ્યા કે–સંથારો પથરાય છે પણ પથરાયો નથી તે હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું માટે પ્રભુ જે કહે છે કે કરાતું હોય તેને કર્યું કહેવું, તે બધું ય મિથ્યા છે; કારણ કે જે કાર્યની ઉત્પત્તિ માટે ક્રિયાની શરૂઆત કરી હોય તે કાર્ય સંપૂર્ણ-પણે ઉત્પન્ન ન થાય ત્યાંસુધી કરવામાં આવતી ક્રિયાને થાય છે કહેવાય પણ થયું ન કહેવાય. જ્યારે સંપૂર્ણ થઇ રહે ત્યારે જ થયું કહેવાય. અત્યારે જો કોઇને પણ બતાવીને પૂછવામાં આવે તો તે એમ જ કહેશે કે–સંથારો પથરાય છે, પથરાયો નથી. આ પ્રમાણે વિચાર કરીને જમાલીએ પ્રભુનો '**क्रियमाणं कृतं**'નો સિદ્ધાંત ખોટો ઠરાવીને પોતાનો '**कृतं कृतं**' થયું હોય તેને જ થયું કહેવું એવો સિદ્ધાંત દૃઢ કરીને, આરોગ્યતા મેળવ્યા પછી જનતાને યુકિતયોદ્ધારા સમજાવીને પોતાના સિદ્ધાંતનો પ્રચાર કરવા લાગ્યા.

જમાલી પ્રભુનો સિદ્ધાંત ખોટો ઠરાવવાને માટે યુક્તિથી સમજાવે છે કે ક્રિયમાણું કૃતં નથી કારણ કે જૂના ઘડાની જેમ કૃત વિદ્યમાન છે. જો કૃતને પણ કરવામાં આવે તો ક્રિયાને નિત્યપણાનો પ્રસંગ આવવાથી ક્રિયાની સમાપ્તિ જ થશે નહિં. અર્થાત્ અવિદ્યમાન વસ્તુ માટે ક્રિયા હોય છે પણ વિદ્યમાન માટે હોતી નથી. જે વસ્તુ સર્વથા અવિદ્યમાન હોય તેના માટે તો ક્રિયાની જરૂરત ખરી પણ સંપૂર્ણ વસ્તુ વિદ્યમાન હોય તેના માટે ક્રિયાની આવશ્યકતા રહેતી નથી અને જો વિદ્યમાન વસ્તુ માટે પણ ક્રિયાની જરૂરત રહેતી હોય તો પછી જેમ અવિદ્યમાન વસ્તુને બનાવવાને માટે કરવામાં આવતી ક્રિયા વસ્તુ તૈયાર થયા પછી વિરામ પામી જાય છે તેમ વિરામ પામશે નહિં અને નિરંતર ક્રિયા થયા જ કરશે કે જેનો અંત જ નહિં આવે કારણ કે ક્રિયાની પ્રવૃત્તિનું કારણ વસ્તુની અવિદ્યમાનતા છે પણ વિદ્યમાનતા નથી. આ પ્રમાણે ક્રિયાની નિત્યતા તથા અપરિસમાપ્તિ-રૂપ દોષ આવે છે.

કરાતું હોય તેને કર્યું કહેવાથી બીજો દોષ એ આવે છે કે-જે વસ્તુ વિદ્યમાન હોય તેના માટે કરવામાં આવતી બધી ય ક્રિયા નકામી છે કારણ કે ક્રિયાદ્વારા જે વસ્તુ તૈયાર કરવી છે તે તો વિદ્યમાન છે જ. જેમ કોઈ માણસની પાસે સુંદર મકાન તૈયાર હોય અને ઈંટ-ચૂનો-લાકડાં આદિ વસ્તુઓના ઢગલા કરતો હોય તે જેમ નકામું છે, તેમ ઘડો વિદ્યમાન હોય તો પછી માટી લાવવી, પલાળવી, ગુંદવી, પીંડ બનાવી ચાક ઉપર ચઢાવવું વિગેરે ક્રિયા નિષ્ફળ જ કહી શકાય.

ત્રીજો દોષ કૃત-વિદ્યમાનની: ક્રિયા કહેવી તે પ્રત્યક્ષ વિરોધ છે, કારણ કે ઉત્પત્તિના વખતે અવિદ્યમાન પ્રથમ નહોતું તે કાર્ય થતું દેખાય છે, માટે ક્રિયમાણું અકૃત જ હોઇ શકે છે અને જે ક્રિયાના આરંભમાં જ કાર્ય થાય છે એમ માનવામાં આવે છે તે તદ્દન અસંગત છે. સર્વજન પ્રત્યક્ષ છે કે કાર્યનો આરંભ અને સમાપ્તિના વચમાં ઘણું જ અંતર હોય છે. માટીનો પિંડ ચાક ઉપર ચઢાવ્યો કે તરત જ ઘડો દેખાતો નથી. અથવા તો મશીનમાં રૂ નાંખ્યું કે તે જ ક્ષણે કપડું વણાઇને તૈયાર થતું નથી પણ લાંબા વખતે ક્રિયાને અંતે કાર્ય થતું દેખાય છે. ચાક ઉપર માટીનો પિંડ ચઢાવ્યા પછી શિવક-સ્થાસ-કોશ-કુશુલ આદિ સમયમાં પણ ઘડો જણાતો નથી પણ લાંબા કાળના અંતે ઘડો દેખાય છે માટે ક્રિયાના કાળમાં કાર્યની ઉત્પત્તિ માનવી તે ઠીક નથી પણ ક્રિયાની સમાપ્તિ પછી કાર્યની ઉત્પત્તિ માનવી તે જ યોગ્ય છે.

આ પ્રમાણેની જમાલીની માન્યતાથી એ ફલિત થાય છે કે પોતે અસત્-અવિદ્યમાન હોય છે તે થાય છે પણ સત્-વિદ્યમાન હોય છે તે થાય છે એમ માનતા નથી અર્થાત્ પોતે અસત્કાર્યવાદી છે. ત્યારે પ્રભુનો સિદ્ધાંત વિચારતાં સત્કાર્યવાદીપણું દૃષ્ટિગોચર થાય છે. ક્રિયાનો આરંભ અને કાર્યની ઉત્પત્તિ એક જ સમયમાં થાય છે. ભિન્ન સમયમાં ભિન્ન કાર્યનો પ્રારંભ અને તેની સમાપ્તિ થાય છે. આ પ્રમાણે પ્રત્યેક ક્ષણમાં ભિન્ન ક્રિયાનો આરંભ તથા ભિન્ન કાર્યની ઉત્પત્તિ થાય છે. એક કાર્યને માટે બીજા સમયની પણ જરૂરત રહેતી નથી તો પછી ઘણા સમયની તો વાત જ શી કરવી? અર્થાત્ બે સમય મળીને એક કાર્ય કરતા નથી. ક્રિયાના આરંભસમયમાં કાર્ય ન હોય અને બીજા સમયમાં દેખાય એમ બની શકે નહિં. કોઇપણ સમયની ક્રિયા કોઈપણ પ્રકારના કાર્ય વગરની નથી. દરેક સમયમાં કાર્ય હોય છે અને તે સમય બદલાતાં બદલાય છે. એટલે કે, પ્રથમ સમયનું કાર્ય બીજા સમયમાં હોતું નથી કે રહેતું નથી. અને તે (ભવન) થવાના સ્વભાવવાળા દ્રવ્યની દૃષ્ટિથી સત્ છે પણ ખરશૃંગની જેમ અસત્ નથી. ભિન્ન ભિન્ન સમયોમાં થવાવાળાં કાર્યો પરસ્પર સર્વથા ભિન્ન નથી, કારણ કે કાર્યમાત્ર પરિણામો છે અને તે પરિણામી દ્રવ્યના છે, જે સત્ સ્વરૂપે ઓળખાય છે. કાર્યમાત્રમાં કારણ કોઇપણ અવસ્થામાં પરિણત દ્રવ્ય હોય છે. પૂર્વ કાર્ય( પરિણામ )નો નાશ અને ઉત્તરકાર્યની ઉત્પત્તિમાં કાર્યભેદે ભેદ

કહી શકાય પણ કારણભેદ ન હોવાથી અભિન્ન કહેવાય કારણ કે કાર્યમાત્રમાં સત્ સ્વરૂપવાળું દ્રવ્ય કારણ હોય છે. અને જે પૂર્વ-પૂર્વનું કાર્ય ઉત્તર-ઉત્તરકાર્યનું કારણ કહેવાય છે, અર્થાત્ કારણ હોય તે કાર્ય થાય છે અને કાર્ય હોય છે તે કારણ બને છે તે બધાય પરિણામસ્વરૂપ છે. કારણ હોય છે તે કાર્યપણે પરિણમે છે અને કાર્ય હોય તે કારણપણે પરિણમે છે. આ બધાયનો આધાર પરિણામી દ્રવ્ય છે. નિર્મૂળ પરિણામો થઈ શકે નહિ, કારણ કે પરિણામ એક પ્રકારનો ધર્મ છે માટે તેનો ધર્મી અવશ્ય હોય જ છે. પરિણામ, કાર્ય અથવા તો પર્યાય ત્રણે એક વસ્તુ છે, ભિન્ન નથી.

પરિણામરૂપ કારણ કરેક કાર્યનું ભિન્ન હોય છે પણ પરિણામીમાં ભેદ નથી. કાર્ય, કારણના વિનાશરૂપ હોય છે કે જે કારણ પરિણામસ્વરૂપ છે. કારણનું કાર્ય બનવું તે કારણનો નાશ અને કાર્યનું કારણ બનવું તે કાર્યનો નાશ. અને એટલા માટે નાશ એટલે સર્વથા અભાવ નહિં પણ એક અવસ્થાથી બીજી અવસ્થામાં બદલાઈ જવું અર્થાત્ સર્વથા જૂનું નહિ તેમ સર્વથા નવું પણ નહિ એવી અવસ્થામાં પરિણમવું તે વસ્તુનો નાશ કહેવાય છે, જેમકે-રૂના તાંતણા બને છે અને તાંતણાનું કપડું બને છે અને કપડાના કોટ, ખમીસ વિગેરે બને છે. તેમાં રૂ કારણ અને તાંતણા કાર્ય, તાંતણાનું કપડું કાર્ય અને તાંતણા કારણ, રૂનો નાશ અને તાંતણાની ઉત્પત્તિ, તાંતણાનો નાશ અને કપડાની ઉત્પત્તિ-આવી રીતે દરેક વસ્તુમાં પૂર્વ પરિણામ કારણ અને ઉત્તર પરિણામ કાર્ય કહેવાય છે. જ્યારે રૂ તાંતણાના રૂપમાં પરિણમે છે ત્યારે તે તાંતણા કહેવાય છે, પણ રૂ કહેવાતું નથી; કારણ કે તાંતણા રૂનું કામ આપી શકતા નથી અને જ્યારે તાંતણાનું કપડું બને છે ત્યારે તે તાંતણાનું કાર્ય કરી શકતું નથી. આ પ્રમાણે ઉત્પત્તિ તથા નાશની વ્યવસ્થા છે પણ સર્વથા અભાવ કે સર્વથા સદ્ભાવસ્વરૂપ નથી. તાંતણાને ભેળા કરીને વણવામાં આવે તો તે કપડાના રૂપમાં પરિણમે છે, ગુંથવામાં આવે તો જાળીના રૂપમાં અને બાળવામાં આવે તો રાખોડીના રૂપમાં પરિણમે છે; પણ સર્વથા અભાવ થતો નથી. તાત્પર્ય કે વસ્તુનું કોઇપણ પરિણામમાં પરિણમવું તે કાર્ય-ઉત્પત્તિ અને વસ્તુનું પરિવર્તન તે નાશ અર્થાત્ એક અવસ્થાથી બીજી અવસ્થામાં બદલાવું તે નાશ અને ઉત્તર અવસ્થાની પ્રાપ્તિ તે ઉત્પત્તિ.

આવા સ્વરૂપવાળાં નાશ તથા ઉત્પત્તિ એક જ ક્ષણમાં થાય છે, પણ પૂર્વ ક્ષણમાં નાશ અને ઉત્તરક્ષણમાં ઉત્પત્તિ એવી રીતે ભિન્ન ક્ષણ હોતા નથી; માટે એક સામયિકી ક્રિયા નાશ તથા ઉત્પત્તિનું કારણ બને છે. ક્રિયાની શરૂઆતના ક્ષણમાં જ એક અવસ્થાનો નાશ અને બીજી અવસ્થાની ઉત્પત્તિ થતી હોવાથી જે નાશનો ક્ષણ છે તે જ ઉત્પત્તિનો પણ ક્ષણ છે; માટે ક્રિયાકાળ અને નિષ્ઠા-(ઉત્પત્તિ)કાળ એક જ હોવાથી ઉત્પત્તિના માટે બીજો ક્ષણ હોતો નથી.

પરિણામસ્વરૂપ વસ્તુનો નાશ તે જ પરિણામાંતરરૂપ વસ્તુની ઉત્પત્તિ છે. અને તે પરિણામોના આધારભૂત પરિણામી સત્સ્વરૂપ દ્રવ્ય છે. જો પરિણામોના આધારભૂત પરિણામી સત્સ્વરૂપ દ્રવ્ય ન હોય તો પરિણામ કે કાર્ય જેવી કોઇપણ વસ્તુ જ હોઇ શકે નહિ જેમકે-માટી ન હોય તો શિવક-સ્થાસ-કોશ-કુશૂલ તથા ઘટ જેવી કોઈપણ વસ્તુ નહિ તેમજ સુવર્ણ વગર કડું, કુંડળ આદિ અને દૂધ વગર દહીં, માખણ, ઘી આદિ જેવી વસ્તુ પણ હોઇ શકે નહિ; માટે સત્-વિદ્યમાન હોય તે થાય છે પણ અસત્-અવિદ્યમાન થતું નથી.

સત્કાર્યવાદ એટલે, છે તે થાય છે એમ કહેવું. સત્ પરિણામી દ્રવ્યને સૂચવે છે અને કાર્ય, પરિણામ અથવા તો પર્યાયને સૂચવે છે. પ્રત્યેક ક્ષણે બદલાતી અવસ્થાઓ પરિણામ-પર્યાય છે અને તેને ધર્મ પણ કહેવામાં આવે છે. જેના અંગે વસ્તુને અનંતધર્માત્મક કહેવામાં આવે છે. કોઇપણ પરિણામ-પર્યાય એવો નથી કે જેમાં દ્રવ્યનો અંશ ન હોય. જો તેમાં દ્રવ્યનો અંશ ન હોય તો પ્રથમ તો પર્યાય ન બની શકે, કારણ કે તે ધર્મ હોવાથી સાકર વગરની મિઠાશની જેમ દ્રવ્યસ્વરૂપ ધર્મી વગરનો ધર્મ ખરશૃંગની જેમ અસત્ છે. અને પર્યાયને પૂર્વાપર પર્યાયનું કારણ દ્રવ્ય કહેવામાં આવે છે તે પણ અસંભવિત થાય અર્થાત્ ભૂત તથા ભાવિ પર્યાયના કારણને દ્રવ્ય માનવામાં આવે છે તે સત્સ્વરૂપ દ્રવ્ય વગર બની શકતું નથી. જો માટી ન હોય તો ઘી ભરાતું હતું અથવા ઘી ભરાશે એવા આશયથી વર્તમાનકાળના ઘડાને ઘીનો ઘડો કહેવામાં આવે છે તે બની શકે જ નહિ; કારણ કે મૂળમાં માટી જ નથી તો પછી તેના પરિણામરૂપ ઘડો કયાંથી હોઈ શકે ? અને પછી ઘડા વગર દ્રવ્ય ઘટ તથા ભાવ ઘટની વિચારણા જ અસ્થાને છે.

કોઇપણ વસ્તુ એકાન્ત નિત્ય અથવા તો એકાન્ત અનિત્ય નથી પણ સાપેક્ષ નિત્યાનિત્ય છે. જ્યારે વસ્તુમાં સતસ્વરૂપ આધારભૂત દ્રવ્ય તરફ દૃષ્ટિ આપવામાં આવે છે ત્યારે તે વસ્તુ નિત્ય દેખાય છે અને ક્ષણિક પરિણામસ્વરૂપ પર્યાયની દૃષ્ટિથી વિચારીએ તો તે જ વસ્તુ અનિત્યપણાનો બોધ કરાવે છે. પ્રત્યેક ક્ષણના પરિણામોને કેવળી જાણી શકે છે, જોઇ શકે છે, પણ નિરતિશયી જ્ઞાની છદ્મસ્થો જોઇ શકતા નથી, જાણી શકે છે. અસંખ્યાત સમય પછી થવાવાળા સ્થૂળ પરિણામોને અલ્પજ્ઞો પણ પ્રત્યક્ષ કરી શકે છે.

વસ્તુમાત્રનો બોધ નિશ્ચય તથા વ્યવહારથી થાય છે. બેમાંથી એકનો પણ નિષેધ થઇ શકે નહિ, પણ મુખ્યતા તથા ગૌણતા રાખી શકાય છે. નિરતિશયી જ્ઞાનવાળા છદ્મસ્થને વ્યવહાર મુખ્ય હોવાથી પ્રત્યક્ષ દેખાતા સ્થૂળ પરિણામોને પ્રધાનતા આપે છે અને એટલા માટે જ તે જ્યાં સુધી ઘટ અવસ્થા પ્રત્યક્ષ ન થાય ત્યાંસુધી ઘટોત્પત્તિ માનતા નથી પણ પીંડ તથા સ્થાસ આદિની અવસ્થામાં ઘટના અંશનો નિષેધ કરતા નથી. જે વસ્તુને કેવળજ્ઞાની જ પ્રત્યક્ષ કરી શકે પણ

છદ્મસ્થ જોઇ શકે નહિં; છતાં કેવળીના પ્રવચનથી જાણી શકે ખરા તેવી વસ્તુને કેવળીની દૃષ્ટિથી કહેવી તે નૈશ્ચયિક દૃષ્ટિ કહેવાય અને જેને છદ્મસ્થો પણ પ્રત્યક્ષ કરી શકે છે એવી વસ્તુને છદ્મસ્થની દૃષ્ટિથી કહેવી તે વ્યવહારિક દૃષ્ટિ કહેવાય છે. અને એટલા માટે જ કેવળીઓને નિશ્ચય પ્રધાન તથા વ્યવહાર ગૌણ હોય છે ત્યારે છદ્મસ્થોને વ્યવહાર પ્રધાન અને નિશ્ચય ગૌણ હોય છે. જેથી છદ્મસ્થો પ્રત્યેક ક્ષણે થવાવાળા કાર્ય તરફ લક્ષ્ય આપતા નથી અને જે કાર્ય માટે ક્રિયાની શરૂઆત કરવામાં આવી હોય તે સંપૂર્ણપણે ન થાય ત્યાંસુધી થયું કહેતા નથી, પણ કેવળીની દૃષ્ટિથી તો ક્રિયાની શરૂઆતથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે અને તે કાર્ય ક્રિયાના પ્રથમ ક્ષણના પરિણામરૂપ હોવાથી છદ્મસ્થે ધારેલા કાર્યથી ભિન્ન હોય છે. આ પ્રમાણે પ્રત્યેક ક્ષણમાં ભિન્ન ભિન્ન કાર્યની ઉત્પત્તિ થતી હોવાથી તેની આરંભક ક્રિયા પણ ભિન્ન હોય છે. જે ક્ષણમાં ધારેલું કાર્ય દેખાય છે તે જ ક્ષણમાં તેની આરંભક ક્રિયા પણ હોય છે; પણ પૂર્વના અસંખ્યાત ક્ષણોમાં કરવા ધારેલા કાર્યની ઉત્પાદક ક્રિયા હોતી નથી એટલે છદ્મસ્થની દૃષ્ટિથી તો ચાલુ ક્રિયામાં કાર્ય ન દેખાવાથી થયું ન માનતાં થાય છે એમ માને છે. અર્થાત્ '**क्रियमाणं कृतं**' નથી કહેતા પણ જ્યારે કાર્ય દેખાય ત્યારે થયું કહે છે અને થઇ જાય ત્યારે થયું કહેવાના આશયથી '**कृतं-कृतं**' કહે છે. છદ્મસ્થો સ્થૂળ પરિણામોનું પ્રત્યક્ષ કરી શકતા હોવાથી માટીનો પિંડ ચાક ઉપર ચઢાવ્યા પછી શિવક-સ્થાસ-કોશ-કુશૂલ આદિ અવસ્થાઓમાં ઘટપરિણતિ ન જણાવાથી સર્વથા ઘટને માનતા નથી પણ ઘટ થાય છે એમ માને છે અને ઘટ પ્રત્યક્ષ થાય છે ત્યારે જ ઘટ થયો માને છે. જો કે માટીના પિંડથી લઇને ઘટની ઉત્પત્તિ સુધીમાં અસંખ્યાત સમયમાં અસંખ્યાત ભિન્ન-ભિન્ન કાર્યોત્પત્તિ થાય છે તેમાં અંશે અંશે તો ઘટ માનવો જ પડે છે કારણ કે જો ઘટોત્પત્તિના પૂર્વના ક્ષણોમાં ઘટનો અંશ પણ ન હોય તો અંતિમ ક્ષણમાં ઘટ બની શકે નહિં. દરેક ક્ષણનું કાર્ય ભલે ભિન્ન હોય તોયે ઘટનું પરંપર કારણ હોવાથી અંશથી તેમાં ઘટ છે અને તેથી કરીને અંતિમ ક્ષણમાં સર્વાંશે ઘટોત્પાદક ક્રિયાનો આરંભ થવાથી સર્વાંશે ઘટ પ્રત્યક્ષ થાય છે.

પ્રત્યેક ક્ષણમાં થવાવાળા કાર્યની ક્રિયા પ્રાયોગિકી તથા વૈસ્રસિકી હોય છે. અર્થાત્ પરની પ્રેરણાથી થાય છે અને સ્વતઃ થાય છે. જીવની પ્રેરણાથી થવાવાળી ક્રિયાનું પરિણામ તે પ્રાયોગિક અને સ્વતઃ-પ્રેરણા વગર થવાવાળી ક્રિયાનું પરિણામ તે વૈસ્રસિક કહેવાય છે. જીવના પ્રયોગથી થવાવાળા ઘટ-પટાદિ પરિણામો ઘટ-પટના વિજ્ઞાનપૂર્વક થાય છે અને તે-તે રૂપે પરિણમવાનો વસ્તુનો સ્વભાવ હોય છે કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે. પ્રયોગથી અને સ્વતઃ ઉત્પન્ન થતી વસ્તુનો વિજ્ઞાન સાથે સંબંધ છે. પ્રયોગમાં વિજ્ઞાનથી વસ્તુની ઉત્પત્તિ થાય છે અને વિસ્રસામાં વસ્તુથી વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. વિજ્ઞાનપૂર્વક પ્રયોગથી થવાવાળા પરિણામો નિયત તથા વ્યવસ્થિત હોય છે ત્યારે સ્વતઃ થવાવાળા પરિણામોમાં અનિયમિતતા તથા વિલક્ષણતા રહેલી છે. (અપૂર્ણ)

# માનસશાસ્ત્ર અને ધર્મ

## Psychology and Religion.

લેખક:—**શ્રીયુત્ જીવરાજભાઈ ઓધવજી દોશી.** B. A. LL. B.

**હાલ**ના પાશ્ચિમાત્ય કેટલાક માનસવિજ્ઞાનવેત્તાઓએ જૂદા જૂદા માણસોના મનના અવલોકન અને પ્રયોગોદ્વારા અભ્યાસ કરી એવો એક સિદ્ધાંત પ્રતિપાદન કરવા માંડ્યો છે કે દરેક માણસના મનના ઊંડાણમાં અનેક ઈચ્છાઓ અને વાસનાઓ રહેલી હોય છે, જે વાસનાઓ નિરંતર મનના પ્રજ્ઞ–જાગ્રત સ્થાન (Conscious plane) ઉપર આવવાનો પ્રયત્ન કરે છે. આ વાસના મોટે ભાગે ક્ષુદ્ર–હલકા પ્રકારની હોય છે. મન જ્યાંસુધી જાગ્રત હોય છે ત્યાંસુધી આ વાસનાઓને દબાવી રાખે છે. કેદખાનાનો પહેરગીર જેમ અંદર પૂરેલ કેદીઓને બહાર આવતાં અટકાવે છે, તેમ પ્રજ્ઞ મન ક્ષુદ્ર વાસનાઓને બહાર આવતાં રોકે છે, એટલે એક ખાળકૂવામાં અંદર બદબો ભરેલી હોય છે છતાં ઉપર નીતરું સ્વચ્છ પાણી દેખાય છે, તેમ મનના ઊંડાણમાં ક્ષુદ્ર વાસનાઓ ભરપૂર હોવા છતાં મન તેને બહાર આવતાં રોકે છે, એટલે માણસ સમાજમાં તેના અંદરના ખરા સ્વરૂપમાં ન પ્રકાશતાં વિવેકી અને સમજુ જોવામાં આવે છે. કેટલીક વખત અંદરની ક્ષુદ્ર વાસનાઓ એવી બળવાન બને છે કે પ્રજ્ઞ મનને દબાવી દે છે અને બહાર નીકળી માણસને તેના ખરા ક્ષુદ્ર સ્વભાવમાં પ્રકાશી દે છે. આવી સ્થિતિમાં માણસ તેની વિષયેંદ્રિયનો ભોગ બને છે અને ન કરવાના કાર્યો કરી બેસે છે. આવી ઉછળેલ વાસનાઓને જો જોર કરી દબાવવાનો પ્રયાસ કરવામાં આવે છે તો તે માણસની માનસિક અને શારીરિક સ્થિતિમાં એવી બળવાખોર વૃત્તિ જાગે છે કે તે માણસને દુ:ખી દુ:ખી કરી મૂકે છે. તેને કોઇ સારા કામથી શાંતિ મળતી નથી. આવી માનસિક વ્યાધિથી પીડાતાં માણસોને વ્યાધિમુક્ત કરવાનો માર્ગ ફ્રૅયડ (Freud) જેવા માનસવેત્તાઓએ એવો બતાવ્યો છે કે આવા માણસોને તેમની ક્ષુદ્ર કામનાઓ ભોગવવાનો સંપૂર્ણ અવકાશ આપવો. જો તે વિષયાસક્ત હોય તો તેને વિષયો ભોગવવા દેવા, તેમાં તેને રોકવો નહિ. અને ઘણે ભાગે આવો વિષયાસક્ત માણસ વિષય ભોગવતાં ભોગવતાં એટલો બધો અતિતૃપ્ત થશે કે પાછો સન્માર્ગે વળી શકશે. ફ્રૅયડ જેવા માનસવ્યાધિવેત્તાઓ એવું કહેવા માગે છે કે જ્યારે મનના ઊંડાણમાં ભરેલ ક્ષુદ્ર વૃત્તિઓ ઉછાળો મારે છે, પ્રજ્ઞ મનના કાબૂ બહાર જાય છે ત્યારે માણસ નિરુપાય બને છે, અને તેની ક્ષુદ્ર વૃત્તિઓ પોષવાને તે જે કુકૃત્યો કરે છે તેને માટે તે જવાબદાર રહેતો નથી. ફ્રૅયડ જેવા માનસવેત્તાઓના માનેલ સિદ્ધાંતોનું પરિણામ પાશ્ચિમાત્ય દેશોના માણસોમાં એવું આવ્યું છે કે નીતિના

નિયમો તૂટી ગયા છે. માણસ ધર્મ અને નીતિને બાજુએ મૂકે છે, યથેચ્છ પ્રવૃત્તિ કરે છે, અને બચાવ એવો કરે છે કે પોતે નિરુપાય છે, ઊંડાણમાં ક્ષુદ્ર વૃત્તિઓ રહે છે, તેનો સામનો કરવો અશકય છે, સામનો કરવા જતાં શારીરિક અને માનસિક સમતોલપણું પોતે ગુમાવે છે અને દુઃખી દુઃખી થઈ જાય છે. હાલના પાશ્ચિમાત્ય સાહિત્યમાં પણ આવો જ ભાવ ભરેલો જોવામાં આવે છે.

અપ્રજ્ઞ મન એટલે શું? માણસના મનના ઊંડાણમાં જે વાસનાઓ ભરેલ છે તે શું બધી ક્ષુદ્ર છે? શું માણસ તેનો દાસ છે? તેને રોકવાની કે સુધારવાની શું કાંઇ શક્તિ માણસમાં નથી? આ બધા સવાલો આપણે હવે જોવાના રહે છે.

અપ્રજ્ઞ મન ( Unconscious mind ) અને તેમાં ભરાયેલ ક્ષુદ્ર વાસનાઓ, તેનો અર્થ આપણી જૈન પરિભાષા પ્રમાણે એટલો જ થઈ શકે કે, સંસારી જીવમાં ઓતપ્રોત રહેલ અનેક ભવના કર્મના સંસ્કારો. આ કર્મના સંસ્કારો બધા ક્ષુદ્ર પાપાનુબંધી જ હોય છે, એવું કાંઇ નથી; પુણ્યાનુબંધી શુભ કર્મોના સંસ્કારો પણ હોય છે. નહિં તો માણસને સતકર્મ કરવાની, દયા દાન કરવાની, પ્રાણીનું રક્ષણ કરવાની, ખોટું કામ કર્યા પછી પશ્ચાત્તાપ કરવાની વૃત્તિ ઊભી થવાનો સંભવ જ નથી. ફ્રૂયુડ જેવા માનસશાસ્ત્રીને ક્ષુદ્ર વૃત્તિના માણસોના મોટા ભાગનું અવલોકન કરવાનો પ્રસંગ આવવાથી માણસમાં સંસ્કારો મોટે ભાગે ક્ષુદ્ર હોય છે એવા અનુમાન ઉપર આવવું પડયું જણાય છે અને તેથી જ આવી ક્ષુદ્ર વૃત્તિઓને પરિતૃપ્ત કરવાનો ઉપાય બતાવ્યો જણાય છે. આપણા દર્શનકારોએ જીવનું સૂક્ષ્મ દૃષ્ટિએ યૌગિક જ્ઞાનથી અવલોકન કરીને પૃથક્કરણ અને સમન્વય કરેલ છે, તે યૌગિક જ્ઞાન જેને પ્રાપ્ત થયું નથી, તેનું જીવ અને જીવના સંસ્કારોનું જ્ઞાન અપૂર્ણ જ હોય છે, ઘણે ભાગે ખોટું હોય છે. આત્મા અનાદિકાળથી કર્મ-પુદ્દગલ સાથે બંધાયો છે, કર્મના શુભ અને અશુભ સંસ્કારો તેમાં રહ્યા છે. તે કર્મો ઉદયમાં આવે છે ત્યારે માણસ કર્મની શુભ અશુભ પ્રકૃતિ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. જ્યાંસુધી સંસારી જીવ અપ્રજ્ઞ-અજાગ્રત દશા( Unconscious state ) માં હોય છે ત્યાંસુધી સંસારી જીવમાં બાંધેલ કર્મ ભોગવવા તથા નવાં બાંધવાનો ક્રમ નિરંતર ચાલ્યા કરે છે એટલે તે દશામાં જીવ નિરુપાય સ્થિતિમાં છે. પણ જીવ જેમ જેમ જાગ્રત થતો જાય છે, આપણી પરિભાષામાં જેમ જેમ જીવ સમ્યકત્વ દશાને પામતો જાય છે, તેનામાં સ્વપરનો ભેદ ભાસતો જાય છે, તેમ તેમ જીવની કર્મવશ સ્થિતિમાં ફેર પડતો જાય છે. અને કર્મને વશ થવાને બદલે કર્મને વશ કરવાની આત્માની નૈસર્ગિક શક્તિ ખીલતી જાય છે, એટલે જીવ-માણસ કાયમને માટે પોતાની જૂની ક્ષુદ્ર વાસનાઓને વશ જ રહે છે, અને તે વાસનાઓ પરિતૃપ્ત કર્યા વિના બીજો ઉપાય નથી, એ સિદ્ધાંત વ્યાજબી નથી.

આ જગતમાં માણસોનું તેઓની વૃત્તિઓ-સંસ્કારો પ્રમાણે વર્ગીકરણ કરીએ તો ત્રણ જુદા જુદા પ્રકારના જોવામાં આવે છે. (૧) પશુ વૃત્તિના

(૨) માનવી વૃત્તિના અને (૩) દૈવી વૃત્તિના. પશુ વૃત્તિના માણુસો ઇંદ્રિયના વિષયોમાં મગ્ન રહે છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ જેમ પશુઓમાં હોય છે તેમ તેવી જ વૃત્તિ આવા પશુ વૃત્તિના માણુસોમાં જોવામાં આવે છે. માનવી વૃત્તિના માણુસોમાં વિવેકબુદ્ધિ જાગ્રત હોય છે. સાચા અને ખોટાનો વિવેક તેઓ કરે છે, સ્વપરનો ભેદ તેઓ સમજતા થાય છે. ખરાબ વસ્તુને ત્યજે છે અને સારી વસ્તુને અનુસરે છે. તેઓને એક ઉચ્ચ ધ્યેય હોય છે. તેને પહોંચવાને યત્ન કરે છે, પણુ તેઓ હજુ સાધક દશામાં હોવાથી વખતોવખત ભૂલ કરે છે, ભૂલનો પશ્ચાત્તાપ કરી ફરી આવી ભૂલો ન કરવાનો નિરધાર કરે છે. આપણી પરિભાષામાં આવા માણુસોને આપણે સમ્યક્ત્વ પામેલા દેશવિરતિ કહી શકીએ. તેઓને હજુ અપ્રમત્તદશા પ્રાપ્ત થયેલ ન હોવાથી વખતોવખત ભૂલને પાત્ર બને છે.

ત્રીજો વર્ગ દૈવી વૃત્તિવાળાનો છે. આવા માણુસો ઓછા જ મળે છે. તેઓએ પોતાની ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ જય મેળવેલો હોય છે, મનને વશ કર્યું હોય છે, સદાચાર તેઓને સહજ થયો હોય છે, મન, વચન અને કાયાના યોગો તેઓએ સાધ્યા હોય છે. જ્યાંસુધી આત્મા શરીર સાથે જોડાયેલો છે ત્યાંસુધી તેઓ કર્મો કર્યાં કરે છે, પણુ કર્મોમાં રાગ-દ્વેષની પરિણુતિ ઓછી હોવાથી કર્મો લાંબો વખત ન ભોગવાયેલ રહેતા નથી.

ક્ષુદ્ર વાસનાઓને પરિતૃપ્ત કર્યા વિના બીજો ઉપાય નથી, એવો સિદ્ધાંત કોઇ ધર્મ કે નીતિશાસ્ત્ર કબૂલ રાખે નહિ. જૈન શાસ્ત્રમાં આવી ક્ષુદ્ર વૃત્તિઓને વશ કરવાના અનેક ઉપાયો બતાવ્યા છે. ઇંદ્રિયો જો વશ ન રહેતી હોય તો તપથી દેહનું દમન કરવાનો ધોરી માર્ગ બતાવ્યો છે. બાહ્ય તપથી ઇંદ્રિયોનું દમન થાય છે પણુ વિષયો ભોગવવાની વૃત્તિ નિર્મૂળ થતી નથી. ઊલટું કેટલીક વાર તો દબાવેલ વૃત્તિઓ ઉછાળો મારે છે. દબાવેલ કમાનની માફક દબાવેલ વૃત્તિ બમણુા જોરથી ઉછાળો મારી માણુસની વિવેકબુદ્ધિનો નાશ કરે છે. રથનેમિ અને રાજૂલનો પ્રસંગ આ માટે આપણા શાસ્ત્રકારો બતાવે છે. રાજૂલનો સુંદર દેહ અને એકાંત જોઈ રથનેમિની સુષુપ્ત રહેલ વિષય ભોગવવાની વાસના ઉછાળો મારે છે. રથનેમિ તો પૂર્વ ભવના યોગી હતા એટલે રાજૂલના વચનો વિવેકબુદ્ધિને તુરત જાગ્રત કરે છે, અને પોતાના કર્તવ્યનું ભાન કરાવે છે. વાસનાઓને બળજોરીથી દબાવવાથી તે બમણુા જોરથી પાછો ઉછાળો મારે છે, તેમ તેનો બળજોરીથી નાશ કરવાનો પ્રયત્ન કરવાથી ભૂતની જેમ વળગે છે. સમજપૂર્વક અભ્યાસ કરી પોતાની મનોવૃત્તિને વશ કર્યા પછી બ્રહ્મચર્યનો નિયમ પાળી શકે છે પણુ તે વાસનાની વૃત્તિનો વિવેકપૂર્વક વિચાર કર્યા વિના કોઇ માણુસ આ નિયમ ગ્રહણુ કરે છે, ત્યારે કેટલાક માણુસોનાં આચાર વિચારમાં વિકૃતિ થતી જોવામાં આવે છે. આવી વાસનાઓને વશ કરવાનો તો એક જ ઉપાય છે કે આવી કુવાસનાને તેના નગ્ન સ્વરૂપમાં યથાર્થ રીતે જોવી

જોઇએ અને તેમાંથી ઉત્પન્ન થતાં રાગદ્વેષ અને દુઃખના પરિણામોને નિહાળવા જોઇએ. એ પ્રમાણે થાય તો જ આવી કુવાસનાઓ વશ થાય છે અને આખરે સુકાયેલ પાનની માફક ખરી પડે છે, માટે જ આપણા શાસ્ત્રકારો બાહ્ય તપ કરતાં પણ અભ્યંતર તપને વિશેષ મહત્વ આપે છે. વાસનાઓને દબાવવા યત્ન કર્યા છતાં વારંવાર જાગ્રત થતી હોય તો ક્ષુદ્ર વાસનાઓનું રૂપાંતર શુદ્ધ ભાવના-ભાવી કરવું જોઇએ, તે માટે શાસ્ત્રકારો અનિત્યાદિ ભાવનાઓ ભાવવાનો ઉપદેશ આપે છે. બહારની વસ્તુઓનો ભોગ ઉપભોગ કરવાની ઇચ્છા જાગ્રત થાય તો તે દરેક અનિત્ય છે, અને ભોગ કરવાથી પરિણામે દુઃખ થાય છે એવી શુદ્ધ ભાવના ભાવવી જોઇએ. એવું ચિંતવન કરવાથી તે વસ્તુ ઉપરનો રાગ ઊઠી જાય છે. અર્થાત્ શુદ્ધ ભાવના ભાવવાથી કુવાસનાનું પરિવર્તન કરી શકાય છે તે પ્રમાણે શરીરનું આદ્ય અને ઉત્તરકારણ અશુચિ છે, અશુચિનું ભાજન છે, અશુચિમાંથી ઉત્પન્ન થાય છે, અશુચિ પરિણામ પાકવાળું છે એવી ભાવના ભાવવાથી અર્થાત્-વિચારપૂર્વક આત્મનિરીક્ષણ કરવાથી શરીરનો મોહ ઊઠી જાય છે. મોહ ઊઠી જતાં કુવાસનાઓ નિર્મૂળ થાય છે.

આત્મનિરીક્ષણ કરવા શાસ્ત્રકારોએ બાર ભાવના બતાવેલ છે, તે પ્રમાણે મનને મજબૂત કરવા, મનની વૃત્તિઓને કાબૂમાં રાખવા, ચિત્તવૃત્તિનો નિરોધ કરવા શાસ્ત્રકારો ધ્યાનનો માર્ગ બતાવે છે. ધ્યાનથી મન મજબૂત બને છે, તેની ચંચળતા ચાલી જાય છે. મનની ચંચળતા મનના સર્વ વ્યાધિનું કારણ છે, તે ચંચળતા ચાલી જાય છે. પાશ્ચિમાત્ય માનસવેત્તાઓ ભાવના ભાવવાનું કે ધ્યાન કરવાનું જાણતા નથી. તેમણે જે મનનો અભ્યાસ કર્યો છે તે અવલોકનદ્વારા જ કર્યો છે, એટલે મનના એક અંશનો જ તેમનો અભ્યાસ છે. તેમનું મનનું જ્ઞાન ફક્ત મતિજ્ઞાન જ છે. મતિજ્ઞાનથી પર જે અવધિ, કેવલ આદિ જ્ઞાન રહેલા છે, તે તેઓને મળ્યા નથી. મનને પોષનાર, મનને દોરનાર તેની પાછળ આત્મિક તત્ત્વ (Spiritual essence) છે તે તેઓના અનુભવમાં આવ્યું નથી. એટલે માનસવેત્તાઓના અનુમાનો અને સિદ્ધાંતો સંપૂર્ણ નથી, ભૂલભરેલા છે અને તેને આશ્રીને ઇંદ્રિયોને અતિતૃપ્ત કરી માનસિક વ્યાધિઓ ટાળવાના ઉપાયો તેઓ બતાવે છે, માણસ કાયમ અપ્રજ્ઞ દશામાં વાસનાઓનો દાસ હોય છે, તેથી તેના કૃત્યો માટે તે જવાબદાર નથી–વિગેરે તેઓનો જે ઉપદેશ છે તે ભૂલભરેલો છે, નીતિ અને ધર્મના નિયમોનો ઉચ્છેદ કરનાર છે. અલબત જીવ જ્યાંસુધી અજાગ્રત (Unconscious) દશામાં હોય છે ત્યાંસુધી તે તેના પૂર્વના કર્મોને વશ હોય છે, પણ જીવ કાયમ માટે અજાગ્રત દશામાં રહેતો નથી. ઉપદેશથી અથવા સ્વભાવથી તે જાગ્રત દશા પ્રાપ્ત કરતો જાય છે અને જ્યારે જીવ આત્મજાગ્રતદશા (Self Consciousness) પ્રાપ્ત કરતો થાય છે, આપણી પરિભાષામાં સમ્યકત્વ પામતો જાય છે ત્યારે કર્મો ઉપર તે સત્તા ભોગવતો થાય છે, અને તેના અંતિમ ધ્યેય મોક્ષમાર્ગ ઉપર આવો સમ્યકત્વ પામેલો જીવ પ્રયાણ કરે છે.

[ 'પ્રબુદ્ધ ભારત'ના '૪૭ ના જાન્યુઆરીના આ સંબંધી લેખ પરથી સૂચિત ]

# પ્રભુ મહાવીર અને શ્રેણિક

[ " શ્રી જૈનધર્મ પ્રકાશ " ના ચૈત્ર માસના અંકમાં આ. શ્રી વિજય-પદ્મસૂરિજીનાં " પ્રભુ મહાવીર અને શ્રેણિક " એક ઐતિહાસિક સંકલના : નામનો લેખ છપાયેલ અને તે સંબંધમાં અમે વિદ્વાનોને પોતપોતાનું મંતવ્ય રજૂ કરવા સૂચવ્યું હતું. અમોને નીચે પ્રમાણે બે લેખો મળ્યા છે: એક વડોદરાનિવાસી વિદ્વાન ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહનો છે અને બીજો છે કાલાવડનિવાસી જાદવજી તુલસીદાસ શાહનો. વિદ્વાનો આ બંને લેખોનો તુલનાત્મક અભ્યાસ કરે. ]

( ૧ )

**સમયકાળ નિર્ણય—**

રાજા શ્રેણિક શિશુનાગ વંશના હતા. આખા શિશુનાગ વંશમાં ( મોટા શિશુનાગ વંશ તેમજ નાનો શિશુનાગ વંશ એટલે નંદવંશ; બન્ને મળીને આખો શિશુનાગ વંશ કહેવાય ) રાજા બિંબિસાર( શ્રેણિક રાજાનું બીજું નામ )નું રાજ્ય સૌથી વધારે સમય સુધી ચાલ્યું છે. તેનું રાજ્ય બાવન વર્ષ ચાલ્યાનું જણાવાય છે. જ્યારે બૌદ્ધ પુસ્તક (દીપવંશ III પાનું ૬૧; મહાવંશ II પાનું ૨૫; & Seq; જનરલ ઓફ ધી બિહાર રીસર્ચ સોસાયટી પુસ્તક ૧ લું, પાનું ૯૭, ટીપ્પણ ૧૦૯; તથા ઇન્ડિયન એન્ટીકિવટિ ૧૯૧૪ નું પાનું ૧૩૩ ) આધારે પણ જણાય છે કે, તેનું રાજ્ય બાવન વર્ષ જ ચાલ્યું છે; પણ પૌરાણિક ગ્રંથોમાં તેનું રાજ્ય એકાવન વર્ષ ચાલ્યાનું લખાયલું છે. એટલે સંભવ છે કે એક વર્ષનો તફાવત બતાવાયો છે, તેના જીવનકાળના અંતનું એક વર્ષ તેના પુત્ર કૂણિકે કેદી બનાવ્યો હતો, તે તેના રાજ્યકાળમાં પૌરાણિક ગ્રંથકારોએ નહીં લખ્યો હોય ( અથવા એકાવન વર્ષ ને થોડા મહિના રાજ્ય ચાલ્યું હોવાથી પણ એકાવન વર્ષ લખ્યા હોય ). બાકી સર્વ ગ્રંથકારો સંમત છે કે તેણે બાવન વર્ષ રાજ્ય કર્યું છે. તેનું મરણ ઇ. સ. પ૨૮ માં થયાનું તારવી શકાય છે અને તેનું રાજ્ય બાવન વર્ષ ચાલ્યાનું સાબિત થાય છે, ત્યારે તેના રાજ્યારોહણનો સમય પણ ૫૨૮ + ૫૨=ઇ. સ. પૂર્વે ૫૮૦ નિશ્ચિંતપણે સાબિત થઇ શકે છે. વળી, જ્યારે તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર પંદર વર્ષની[૧] હતી, એટલે એનો જન્મ ઇ. પૂર્વે ૫૯૫ માં થયાનું જ ગણી શકાશે. તેમજ બૌદ્ધ ગ્રંથોમાં પણ જણાવ્યું છે કે ગૌતમ બુદ્ધ શ્રેણિકથી પાંચ વર્ષે મોટા હતા. આ હકીકત પણ આપણને તે જ નિર્ણય ઉપર લઇ જાય છે, કેમકે ગૌતમબુદ્ધનો જન્મ ઇ. સ. પૂ. ૬૦૦

( ૧ ) જુઓ ટિપ્પણ. નં. ૨.

છે.[૨] એટલે શ્રેણિકરાજાનો જન્મ ઇ. સ. પૂ. ૫૯૫ માં ગણાય અને બુદ્ધથી પાંચ વર્ષે નાનો પણ થયો કહેવાય. તેમ ઇ. સ. પૂ. ૫૮૦ માં રાજ્યાસને બેઠો છે એટલે તે સમયે તેની ઉંમર પંદર વર્ષની થઇ ગણાય. આ પ્રમાણે ગણત્રી કરતાં દરેક બનાવ માટે એકની એક સાલ આવીને ઊભી રહે છે.

એટલે આ ઉપરથી તારવી શકાય કે, રાજા શ્રેણિકનો જન્મ ઇ. સ. પૂ. ૫૯૫ માં; રાજગાદીએ બેસવું ઇ. સ. પૂ. ૫૮૦ માં; અને બાવન વર્ષ રાજ્ય કરી ઇ. સ. પૂ. ૫૨૮ માં ૬૭ વર્ષની ઉંમરે મરણ થવાનું નક્કી થયું ગણી શકાય. ( જુઓ પ્રા. ભા. ભા. ૧, પૃ. ૨૪૫ )

**ગૌતમબુદ્ધ અને રાજા-શ્રેણિક—**

બૌદ્ધગ્રંથો બાપોકાર ઉદ્ઘોષણા કરે છે કે, ગૌતમબુધ્ધે ૨૯ વર્ષની ઉંમરે સંસાર-ત્યાગ કર્યો. ૩૬ મે વર્ષે પ્રવર્તકપણું લીધું, ૫૭ મે વર્ષે નિર્વાણ પામ્યા, અને ૮૦ મે

(૨) ઇ. સ. પૂર્વે ૬૦૦ કેમ? એ શંકાના નિવારણમાં જણાવવાનું જે સિંધુ દેશના રાજા ઉદયનનો જન્મ ઇ. સ. પૂર્વે ૬૦૦ માં થયો હતો, કેમકે ગોતમબુદ્ધના જન્મ વિષે એમ કહેવામાં આવ્યું છે કે તેમનો જન્મ જે દિવસે થયો હતો તે જ દિવસે અન્ય છ વ્યક્તિઓ મળીને કુલ સાત જણા જન્મ્યા હતા. [ આ વિષે વધુ વિગત C. H. I- કેંબ્રીજ હીસ્ટરી ઓફ ઇન્ડિયા–પાનું ૧૮૮, States on the authority of Prof. R. Devis Buddhist Birth Stories: notes on p. 68. ઉપર જણાવ્યું છે. 'For instance, there is an early list of the seven con–natals persons born on the same day as the Buddha.' કેંબ્રીજ–હીસ્ટરી ઓફ ઇન્ડિયા પૃ ૧૮૮. પ્રો. રીસ ડેવીસકૃત: "બુદ્ધજાતક કથા" માં પૃષ્ઠ ૧૬૮ ના ટીપ્પણમાં જણાવ્યું છે કે, 'જે દિવસે બુદ્ધનો જન્મ થયો હતો તે જ દિવસે અન્ય છ એમ કુલ મળી સાત પુરુષોનો જન્મ થયો હતો.' તે સાતમાનો ઉદયન પણ એક હતો. ( જુઓ પ્રાચીન ભારતવર્ષ, ભાગ ૧, પ. ૨૨૨ )

ગૌતમબુદ્ધ શ્રેણિક રાજાથી પાંચ વર્ષે મોટા હતા. ('સીંહાલીઝ-ક્રોનીકલ')માં ગૌતમબુદ્ધના જીવનના મુખ્ય બનાવોની સાલ, દેવાહના રાજા અંજનના સંવતને અનુલક્ષી આ પ્રમાણે આપી છે: **તેમનો જન્મ** અં. સં. ( અંજના સંવત ) ૬૮; [ હિસાબ ગણતાં આ સંવત ઇ. સ. પૂ. ૬૬૮ ( ઇ. સ. પૂ. ૬૦૦+૬૮=૬૬૮ )માં શરૂ થયો ગણી શકાય. ] **સંસારત્યાગ:** અં. સં. ૯૭ ( ૯૭–૬૮=૨૯ વર્ષની ઉંમરે ); **ધર્મોપદેશક-ધર્મપ્રવર્તક:** અં. સં. ૧૦૩ ( ૧૦૩–૬૮=૩૫ વર્ષની ઉંમરે. ); **નિર્વાણજ્ઞાનપ્રાપ્તિ:** અં. સં. ૧૨૭ ( ૧૨૭–૬૮=૫૯ વર્ષની ઉંમરે ) **પરિનિર્વાણ:** અં. સં. ૧૪૮ ( ૧૪૮–૬૦=૮૦ વર્ષની ઉંમરે. )

શ્રી ગૌતમ અને મહાવીરના મરણ વચ્ચે લગભગ છ વર્ષનું અંતર હતું. ( આ વિષેની આંકડાવાર સરખામણી નીચે આપી છે. ) પણ ખરી રીતે, છ વર્ષને બદલે સાડા

વર્ષે પરિનિર્વાણ પામ્યા. તેમનો જન્મ ઇ. સ. પૂ. ૬૦૦ માં ગણતાં ઉપરનાં ચારે બનાવો અનુક્રમે ઇ. સ. ૫૭૧ માં, ૫૬૪ માં. ૫૪૩ માં અને ૫૨૦ માં આવી ઊભા રહે છે.

હવે, જો ગૌતમબુદ્ધના જીવનના ચારે બનાવોને રાજા બિંબિસાર( શ્રેણિક )ના રાજ્યકાળ ઉપરના ઇ. સ. પૂ. ૫૮૦ થી ૫૨૮ ના ગાળાના સમય સાથે ઘટાવીશું, તો તે દરમ્યાન ગૌતમબુદ્ધના જીવનકાળમાં બન્યાં ગણી શકાશે. ( ૧ ) ઇ. સ. પૂ. ૫૭૧ માં તેમનો સંસારત્યાગ અને ( ૨ ) ઇ. સ પૂ. ૫૬૪ માં પ્રવર્તકપણું સ્વીકાર્યું તે. બીજી બાજુ બૌદ્ધ સાહિત્યમાં નિ:શંકપણે જણાવાયું છે કે ગૌતમબુદ્ધ પોતે ૩૬ વર્ષના થયા

---

૭ વર્ષનું અંતર છે, કેમકે બુદ્ધનિર્વાણ વૈશાખ શુદ ૧૫ એટલે મે માસનો મધ્યસમય જ્યારે શ્રી મહાવીરનું નિર્વાણ કાર્તિક વદ૦))—પૂર્ણિમાંત મહિનાની ગણત્રીએ–અથવા આશ્વિન વદ ૦))—અમાસાંત મહિનાની ગણત્રીએ—લેખાય છે. એટલે તે નવેમ્બર માસનો મધ્ય એટલે ૭ માસનું અંતર વધ્યું ગણાય, જેથી કરીને ૭ વર્ષ + ૭ માસ = ૬॥ વર્ષનું અંતર છે...એટલે કે બુદ્ધનિર્વાણ ( અહિં નિર્વાણ એટલે દક્ષિણના બૌદ્ધ ગ્રંથોમાં જ્ઞાનપ્રાપ્તિને નિર્વાણ શબ્દથી ઓળખાવે છે તેમ નહીં, પણ મૃત્યુ-મરણ અથવા જેમને તેઓ પરિનિર્વાણ તરીકે લખે છે તે સમજવું. ) ઇ. સ. પૂ. ૫૨૦ ના મે માસમાં અને મહાવીરનિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૭ ના નવેમ્બરમાં થયું કહેવાશે. શ્રી. મહાવીરનું મરણ બુદ્ધના કરતાં વહેલું નીપજેલું હોવાથી, બુદ્ધનું મરણ ૫૨૬–૬ (અથવા ૫૨૭–૬॥) = ઇ. સ. પૂ. ૫૨૦ માં થયું ગણી શકાશે. અને તેમનું આયુષ્ય ૮૦ વર્ષનું હોવાથી તેમનો જન્મ ઇ. સ. પૂ. ૬૦૦ માં ગણવો રહે છે. તેમ મહાવીરનું આયુષ્ય ૭૨ વર્ષનું અને મરણ ઇ. સ. પૂ. ૫૨૭ માં ગણાયું છે. એટલે તેમનો જન્મ ઇ. સ. પૂ. ૫૨૭ + ૭૨=૫૯૮ કે ૯૯ કહેવાશે. વળી, તેમણે ૩૦ વર્ષની ઉમરે એટલે ૫૯૮–૩૦=૫૬૮ માં દીક્ષા લીધી હતી. અને તે પછી બાર વર્ષે એટલે ઇ. સ. પૂ. ૫૬૮–૧૨=૫૫૬ માં તેમને જ્ઞાનપ્રાપ્તિ થઇ હતી.

હવે આ બન્ને મહાત્માઓનાં જીવનપ્રસંગો નીચે પ્રમાણેં સરખાવી શકાશે.

| ગૌતમબુદ્ધ | ઉમર | મહાવીર | ઉમર |
|---|---|---|---|
| ( ૧ ) જન્મ=ઇ. સ. પૂ. ૬૦૦ | ૦ | ( ૧ ) જન્મ=ઇ. સ. પૂ. ૫૯૮–૯ | ૦ |
| ( ૨ ) દીક્ષા=,, ૫૭૧ (સંસારત્યાગ) | ૨૯ | ( ૨ ) દીક્ષા= ,, ૫૬૮ | ૩૦ |
| ( ૩ ) ધર્મોપદેશક તરીકે ઇ. સ. પૂ. ૫૬૪–૫ | ૩૬ | ( ૩ ) — — | — |
| ( ૪ ) નિર્વાણ-જ્ઞાનપ્રાપ્તિ ઇ. પૂ. ૫૪૪–૩ | ૫૭ | (૪) કૈવલ્યપ્રાપ્તિ ઇ. સ. પૂ. ૫૫૬ | ૪૨ |
| ( ૫ ) પરિનિર્વાણ–મોક્ષ ઇ. પૂ. ૫૨૦ ( મે. માસ ) | ૮૦ | (૫) નિર્વાણ– ,, ૫૨૭–૬ ( નવેમ્બર ) | ૭૨ |

(એટલે ઇ. સ. પૂ. ૫૬૪ માં તેઓ પ્રવર્તક થયા) ત્યાં સુધી (૧) કોઇને પણ પોતાનો શિષ્ય બનાવ્યો નથી, તેમજ (૨) રાજા બિંબિસારને પણ પ્રથમ જ વાર આ સમયે એટલે ઇ. સ. પૂ. ૫૬૪ માં (પોતાની ૩૬ વર્ષની ઉંમરે) રાજગિરિ ઉર્ફે ગિરિવ્રજમાં મળ્યા હતા; અને (૩) પ્રવર્તક થયા પછી છ વર્ષે એટલે ઇ. સ. પૂ. ૫૫૮ માં રાજા બિંબિસારની રાણી ક્ષેમાને બૌદ્ધ ભિક્ષુણી બનાવી હતી; એટલે આ ત્રણે બનાવોનો જે સમય નિશ્ચિતપણે ગણી શકાય છે તે એટલું ચોક્કસપણે કહી શકાય કે ગૌતમબુદ્ધ પોતે રાજા બિંબિસાર કે તેના અંતઃપુરની વ્યક્તિમાંની કોઇ સાથે, જો કોઇપણ રીતે સમાગમમાં આવ્યા હોય તો તે માત્ર ઇ. સ. પૂ. ૫૬૪ થી માંડીને ઇ. સ. પૂ. ૫૫૮ સુધીના છ–સાડાછ કે સાત વર્ષના ગાળા દરમ્યાન હોઇ શકે.[3]

બુદ્ધનું નિર્વાણ (જ્ઞાનપ્રાપ્તિ) ઇ. સ. પૂ. ૫૪૩–૪૪ માં કહેવાય છે અને પરિનિર્વાણ ઇ. સ. પૂ. ૫૨૦ માં ગણાય છે.[4]

ગૌતમબુદ્ધ અને શ્રી મહાવીર બન્નેનો જન્મ જો કે સમકાલીન જ છે, છતાં ગૌતમબુધ્ધે પોતાના ધર્મનો પ્રચાર ઇ. સ. પૂ. ૫૬૪ થી આરંભ્યો છે, જ્યારે શ્રી મહાવીરે ઇ. સ. પૂ. ૫૫૬ બાદ આરંભ્યો છે. એટલે કે ગૌતમબુધ્ધે ધર્મનું પ્રવચન કરવા માંડ્યું તે બાદ આઠ વર્ષે શ્રી મહાવીરે પ્રારંભ કર્યો છે.[5]

## બૌદ્ધ ધર્મે અને જૈન ધર્મે રાજા શ્રેણિકના જીવનમાં ભજવેલો ભાગ—

બૌદ્ધ પુસ્તકોમાં રાજા બિંબિસારને તે ધર્મનો અનુયાયી ગણ્યો છે, જ્યારે જૈન પુસ્તકોમાં પોતાના ધર્મનો દૃઢ ભક્ત અને પોષક ગણવામાં આવ્યો છે. પહેલામાં તેને વિશેષપણે બિંબિસારના નામથી સંબોધ્યો છે જ્યારે બીજામાં રાજા શ્રેણિકના નામથી વિશેષ પ્રસિદ્ધિને પામેલો જણાય છે. આમ બન્ને પ્રકારે હેરફેર થવાનું કારણ શું? શું તે બન્ને પ્રકારનું ધાર્મિક સાહિત્ય ખોટું હશે? ના, તેમ નથી. પણ વિશેષ ગવેષણાને અંતે સમજાય છે કે, તે બન્ને દર્શનના ગ્રંથનું કથન તો સત્ય જ છે, પણ જેમ પુરાણકારોએ પોતાના ઐતિહાસિક ગ્રંથોમાં સ્વમતાનુયાયીનું મહત્ત્વ વિશેષપણે ગાઇ

---

ઉપરના કોષ્ટકથી એ પણ સ્પષ્ટ થાય છે કે, મહાવીર પોતાના આખા જીવન દરમ્યાન ગૌતમ બુદ્ધના સમકાલીનપણે વર્તતા હતા. પણ તેમનો જન્મ, ગૌતમબુદ્ધ કરતાં ૧॥ વર્ષ પછી, અને તેમનું મરણ ૬॥ વર્ષ પહેલાં થયું હોવાથી બન્નેની ઉમર વચ્ચે ૧॥ + ૬॥ = ૮ વર્ષનો તફાવત રહ્યો છે. એટલે જ મહાવીરનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું અને ગૌતમબુદ્ધનું ૮૦ વર્ષનું કહેવાય છે. (જુઓ પ્રાચીન ભારતવર્ષ ભા. ૧, પૃ. ૮–૯)

જ્યારે નંદીવર્ધન, મહાવીર કરતાં બે–અઢી વર્ષ જ મોટા હતા. એટલે નંદીવર્ધનનો જન્મ આશરે ઇ. સ. પૂ. ૬૦૧ માં ગણાય. (જુઓ પ્રાચીન ભારતવર્ષ ભા. ૧, પૃ. ૧૩૨)

(૩) જુઓ પ્રા. ભા. ભાગ ૧. પૃષ્ઠ. ૨૫૧. (૪) જુઓ ટિપ્પણ નં. ૨.

(૫) જુઓ પ્રા. ભા. ભાગ ૧, પાનું ૨૫૩

બતાવ્યું છે, તેમ આ બન્નેના સાહિત્ય ગ્રંથોમાં પણ, તે જ સ્થિતિ પ્રવર્તી રહી દેખાઈ આવે છે. તે નીચેની હકીકતથી સમજાશે.

રાજા બિંબિસાર ઇ. સ. પૂ. ૫૮૦ માં ગાદીએ આવ્યો તે પહેલાં, તેમજ બેન્નાતટ નગરે શ્વસુર[૬] પક્ષમાં રહેતો હતો ત્યાંસુધી જૈન ધર્મ પાળતો હતો. વળી આગળ ઉપર જ્યારે રાણી ચિલ્લણા સાથે ઈ. સ. પૂ ૫૫૮ માં લગ્ન કર્યું ત્યારે પણ તે પાછો જિનભક્ત થઇ ગયો હતો. એટલે સાર એ જ નિકળે છે કે–જો તેણે બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યો હોય તો, ઇ. સ. પૂ. ૫૮૦ અને ૫૫૮ વચ્ચેના બાવીસ વર્ષમા ગાળામાં જ હોઇ શકે, અન્યથા નહિ.

જ્યારે રાજા બિંબિસારે રાણી ચિલ્લણા સાથે લગ્ન કર્યું હતું અને તે પૂર્વે થોડાક સમયે જૈનધર્મ અંગીકાર કર્યો હતો ત્યારપછી રાજા બિંબિસારે બૌદ્ધ ધર્મનો ત્યાગ કરેલ હોવાથી, ગૌતમબુદ્ધ ભલે તેની સાથે ચર્ચા નિમિત્તે મળ્યા હોય, તો પણ પોતાના ભક્તજન તરીકે તો લેખી શકાય નહિ.

આટલા વિવેચન ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે રાજા બિંબિસાર ગાદી ઉપર આવ્યા પૂર્વે બે વર્ષ તે જિનભક્ત હતો; પછી ઇ. સ. પૂ. ૫૬૪ થી ૫૫૮ સુધીના ૭ વર્ષ બૌદ્ધમતી અને ૫૫૮ થી ઈ. સ. પૂ. ૫૨૮ માં તેના મરણપર્યંત ફરીને જિનધર્મી થયો હતો.[૭]

અંતમાં આ આખા લેખનો ટૂંક સાર નીચે પ્રમાણે તારવી શકાય.

**ગૌતમબુદ્ધ—**

બુદ્ધ જન્મ ઇ. સ. પૂ. ૬૦૦; દીક્ષા–૫૭૧; ક્ષમા રાણીને બૌદ્ધ મતાનુયાયી બનાવી તથા પોતાનું પ્રવર્તકપણું–૫૬૪; નિર્વાણ ( જ્ઞાનપ્રાપ્તિ )–૫૪૩; પરિનિર્વાણ ( મોક્ષ )૫૨૦

**મહાવીર—**

જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૮–૯; દીક્ષા ( પોતાની ત્રીસ વર્ષની ઉમરે ) ૫૬૮, જ્ઞાન-પ્રાપ્તિ ( પોતાની ૪૨ વર્ષની ઉંમરે ) ૫૫૮, નિર્વાણ ૫૨૮ ( ૭૨ વર્ષની ઉમરે )

**શ્રેણિકઃ—**

જન્મઃ ( ગૌતમબુદ્ધથી પાંચ વર્ષે નાના હોઇને ) ઈ. સ. પૂ. ૫૯૫; રાજ્યગાદી ૫૮૦ ( એટલે ૫૯૫–૫૮૦, પોતાની પંદર વર્ષની ઉમરે ), રાજ્યકાળ–૫૨ વર્ષ હોવાથી ૫૮૦, મરણ–૫૨૮ માં, ચિલ્લણા રાણી સાથે લગ્ન–૫૫૬ ( મહાવીરના કૈવલ્ય બાદ એકાદ વર્ષે ), તેની ઉમર ૫૯૫–૫૨૮=૬૭ વર્ષની, ( ૫૨ વર્ષ રાજ્યકાળ + ૧૫ વર્ષે રાજ્યાભિષેક = ૬૭ વર્ષ. )

રાજા નંદિવર્ધનનો જન્મ ૬૦૧ ( એટલે મહાવીર કરતાં બે–અઢી વર્ષ આશરે મોટા. )

**ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

( ૬ ) એમના જીવન વિષેની હકીકત હવે પછી ચર્ચીશું.

( ૭ ) જુઓ પ્રા. ભા. ભા. ૧ પાનું ૨૫૦–૫૧–૫૨

## ( ૨ )

વિશાળાનગરીના ચેટક રાજા, તેનો જન્મ ઇ. સ. પૂર્વે ૬૧૬ ને સ્વર્ગ ઇ. સ. પૂર્વે ૫૨૭ ને આયુષ્ય ૮૯ વર્ષનું મનાય છે. તે પાર્શ્વનાથના શાસનના સમકિતધારી શ્રાવક હતા. જૈન રાજાઓ જૈન સિવાય કોઇને કન્યા આપતા જ નહિ. તેમણે પોતાની ૭ પુત્રીઓમાંથી ૬ પુત્રીઓ જૈન રાજાઓને જ આપેલી છે ને એકે દીક્ષા લીધી. તથા ત્રિશલાદેવી તેમની બ્હેન (જે મહાવીર પ્રભુની માતાજી થાય) હોવાથી તેની દીકરીઓ તથા જમાઇઓ (રાજાઓ) બધા મહાવીર પ્રભુના સગાઓ જ હતા જેથી આટલી યાદી પ્રથમ આપી છે.

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| **પ્રભાવતી** | **પદ્માવતી** | **મૃગાવતી** | **શિવાદેવી** |
| વીતભયનગરના રાજા ઉદાયન વેરે, લગ્ન ઇ. સ. પૂર્વે ૫૮૪માં. પુત્ર હોવા છતાં ભાણેજ કેશીકુમારને રાજા કરેલ. | જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૩, ચંપાપતિ રાજા દધિવાહન વેરે લગ્ન, ઇ. સ. પૂર્વે ૫૭૯માં, પુત્ર કરકંડુ | જન્મ ઇ. સ. પૂર્વે ૫૮૨, કૌશંબીપતિ શતાનિક રાજા વેરે લગ્ન, ઇ. સ. પૂર્વે ૫૭૦માં, તેનો પુત્ર ઉદાઇરાજા | જન્મ ઇ. સ. પૂર્વે ૫૭૫, ઉજ્જૈનીના રાજા ચંડપ્રદ્યોત વેરે લગ્ન, ઇ. સ. પૂર્વે ૫૬૦ |

| ૫ | ૬ | ૭ |
|---|---|---|
| **જયેષ્ઠા** | **સુજયેષ્ઠા** | **ચેલણા** |
| મહાવીરના ભાઇ નંદીવર્ધન વેરે લગ્ન થયા હતા. | જન્મ ઇ. સ. પૂર્વે ૫૭૪માં. દીક્ષા લીધી ઇ. સ. પૂર્વે ૫૫૪માં | જન્મ ઇ. સ. પૂર્વે ૫૭૨માં, રાજા શ્રેણિક વેરે લગ્ન ઇ. સ. પૂર્વે ૫૫૮માં. |

ઉપરના તમામ રાજાઓ ને રાણીઓ મહાવીર પ્રભુના સગા જ થતા હતા. આટલી વાત ચોક્કસ થયા પછી હવે શ્રેણિક રાજા, મહાવીર પ્રભુ અને બૌધના જન્મ વિગેરેની સાલસંવત આપવાથી શ્રી વિજયપદ્મસૂરિ મહારાજના બધા સવાલોના જવાબ મળી રહે છે. વિશેષમાં તે રાજાઓની અંદર અંદરની લડાઇઓ તથા સાલવાર વિગત નીચે પ્રમાણે છે.

ઇ. સ. પૂર્વે ૫૮૫=વત્સદેશપતિ રાજા શતાનીકનો જન્મ ને ઇ. સ. પૂર્વે ૫૭૦ માં ચેટકપુત્રી મૃગાવતી સાથે લગ્ન થયેલ છે.

" ૫૮૪=સિન્ધુ ને સૌવીરપતિ ઉદાયનનો રાજ્યાભિષેક ને ચેટકપુત્રી પ્રભાવતી સાથે લગ્ન થયેલ છે.

" ૫૮૨=શ્રેણિક ને સુનંદાથી બેનાતટ નગરે લગ્ન. (શ્રેણિકની ઉમર તે વખતે ૧૩ થી ૧૪ વર્ષની લેખાય છે) શ્રેણિકના પિતા પ્રસેનજિતનું મરણ, શ્રેણિકને રાજ્યગાદી મલી. બેનાતટમાં જ અભયકુમારનો જન્મ.

,, ૫૭૯=અંગપતિ રાજા દધિવાહનનું ચેટકપુત્રી પદ્માવતીથી લગ્ન: શ્રેણિક રાજાના ધારણી સાથે લગ્ન.

,, ૫૭૬=સાધ્વી પદ્માવતી( ચેટકપુત્રી )ના પેટે કરકંડુનો જન્મ.

,, ૫૭૫=ચંડપ્રદ્યોત રાજા અવંતીપતિ બન્યો. શ્રેણિક રાજાને ત્યાં ધારણી રાણીથી મેઘકુમારનો જન્મ. ચેટકપુત્રી શિવાદેવીનો જન્મ. ( ઇ. સ. પૂર્વે ૫૯૬માં અવંતીપતિ અંતિમ વીતીહોત્ર રાજા રિપુંજયના પ્રધાન તરીકે નીમાયો હતો જેણે ૨૧ વરસ પ્રધાનપણે રહી, રાજાનો ઘાત કરી, ઇ. સ. પૂર્વે ૫૭૫માં પોતાના પુત્ર ચંડપ્રદ્યોતને અવંતીપતિ બનાવેલ છે ).

,, ૫૭૪=ચેટકપુત્રી સુજ્યેષ્ઠાનો જન્મ. (આ કન્યાનું હરણ શ્રેણિકને કરવું હતું ને આવી ગઇ ચેલણા; એ ઇતિહાસ ઘણો જ રસિક છે ).

,, ૫૭૩=શ્રેણિક રાજાએ ગર્ભિણી હરણીનો શિકાર કરી માંસભક્ષણ કરેલ ને તે સમયે નર્કાયુ બંધાયું. સિન્ધુપતિની રાણી ચેટકપુત્રી પ્રભાવતીની દીક્ષા.

,, ૫૭૨=સાધ્વી પ્રભાવતીનું મરણ. શ્રેણિકને ત્યાં મનોરમાકુંવરીનો જન્મ ને ચેટકને ત્યાં ચેલણાનો જન્મ.

,, ૫૭૧=બૌદ્ધધર્મસ્થાપક ગૌતમબૌદ્ધનો સંસારત્યાગ. ઇ. સ. પૂર્વે ૫૬૪ ( ૭ કે ૮ વરસ પર્યટન ) પછી જ્ઞાનપ્રાપ્તિ થઇ.

,, ૫૭૦=કોશળપતિ વીદુરથનો જન્મ. વત્સપતિ શતાનીકનું ગાદીનશીન થવું, ચેટકપુત્રી મૃગાવતીથી લગ્ન ને અભયકુમારને બુદ્ધિબળે મહાઅમાત્યની પદવી મલી ( ત્યારે તેની ઉમર ૧૨ કે ૧૩ વરસની હતી ).

,, ૫૬૯=પ્રભુ મહાવીરે દીક્ષા લીધી.

,, ૫૬૪=ગૌતમબુધ્ધે ઉપદેશ શરૂ કર્યો ને શ્રેણિકરાજાને પહેલી વખત મળી બૌદ્ધધર્મી કર્યા. ( તે પહેલા વૈદધર્મી હતા ).

,, ૫૬૨=સિન્ધુ ને સૌવીરપતિ ઉદયને અવંતીનગર ઉપર ચડાઇ કરી, ચંડપ્રદ્યોત રાજાને કેદ કરી વીતભયનગર લાવ્યા. બાદ ચંડપ્રદ્યોતને જૈનધર્મી કરેલ ને પછી છોડેલ છે.

,, ૫૬૦=ચંડપ્રદ્યોત રાજાનું ચેટકપુત્રી શિવાદેવી સાથે લગ્ન, શ્રેણિક રાજાને ત્યાં નંદીષેણકુમારનો જન્મ.

,, ૫૫૯=કલીંગદેશની રાજ્યગાદી ઉપર કરકંડુનો રાજ્યાભિષેક, ચેદી વંશની સ્થાપના ને ગૌતમ બુધ્ધે શ્રેણિકની રાણી ક્ષેમાને બૌદ્ધ ભીખુણી બનાવી. શ્રેણિકપુત્રી મનોરમાના કયવન્ના શેઠ સાથે લગ્ન ને શ્રેણિકે જૈન ધર્મ સ્વીકાર્યો.

,, ૫૫૮=શ્રેણિકરાજાના ચેટકપુત્રી ચેલણાથી લગ્ન ( સુજ્યેષ્ઠાનું હરણ કરવા

જતાં ચેલણા આવી ગઈ ( અભયકુમાર સાથે હતા ને તેમની ઉમર ૨૪ કે ૨૫ વર્ષની હતી ). મગધદેશની રાજ્યગાદી તરીકે રાજગૃહી કર્યું ને આ જ સાલમાં અંગપતિ દધિવાહન રાજા ને ચેદીપતિ કરકંડુ ( બાપ દીકરા ) વચ્ચે ભીષણ યુદ્ધ થયેલું. આ જ સાલમાં ઇરાની સામ્રાજ્યમાં સાઇરસ ગાદીએ બેઠો, ને ચેલણાના લગ્ન પછી શ્રેણિક દઢધર્મી થયો.

૫૫૭=વત્સદેશપતિ રાજા ઉદાયનનો જન્મ ને તેના બાપ શતાનીકે અંગદેશના દધિવાહન ઉપર ચડાઇ કરી, ચંપાનગરી લૂંટી, દધિવાહન રાજા મરાણો, રાણી ધારણી જીભ કરડીને મુઇ, દીકરી ચંદનાનું જાહેર વેચાણ થયું ને મહારાજ કરકંડુનું ત્રિકલીંગાધિપતિ બનવું થયું: ઇ. પૂર્વે ૫૫૭માં જ મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયું, ઉપદેશ શરૂ કર્યો. રાજા દધિવાહનની પુત્રી ચંદના( વસુમતી )એ દીક્ષા શ્રી મહાવીર પાસે લીધી. શ્રેણિક રાજાએ અભયકુમારની સહાયથી ટંકશાળ કરાવી ને પંચમાર્ક્ડ સીક્કા પાડવા શરૂ કર્યાં.

કોશળપતિ પ્રસેનજીત( શ્રેણિકનો બાપ )નો રાજ્યકાળ ઇ. સ. પૂર્વે ૬૨૩ થી ૫૮૨ હતો એટલે તેણે ૪૧ વરસ રાજ્ય કરેલ છે.

ગૌતમ બૌદ્ધનો જન્મ. ઇ. સ. પૂર્વે ૬૨૧માં છે.
" સંસારત્યાગ " ૫૭૧માં છે. ૫૦ વર્ષની ઉમ્રરે.
" પર્યટનકાળ " ૫૬૪ સુધી. ૭ થી ૮ વરસનો.
" નિર્વાણકાળ " ૫૪૧માં. ૮૦ વરસનું આયુષ્ય.

રાજા શ્રેણિકનો (બિંબિસાર)નો જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૫માં છે.
" નું મૃત્યુ " ૫૨૮માં છે.

તેનું આયુષ્ય ६७ વર્ષનું માનવામાં આવે છે. એટલે ગૌતમબુદ્ધ કરતાં શ્રેણિક ૨૬ કે ૨૭ વરસ નાના છે પણ મહાવીર પ્રભુ કરતાં ય નાના છે.

મહાવીરસ્વામીનો જન્મ ઇ. સ. પૂર્વે ૫૯૮ કે ૯૯માં છે.
" દીક્ષા " ૫૬૮માં છે.
" કેવળજ્ઞાન " ૫૫૭માં છે.
" નિર્વાણકાળ " ૫૨૬ કે ૫૨૭માં છે.

( એટલે ૭૨ વર્ષનું આયુષ્ય છે. મહાવીર પહેલાં બૌદ્ધનું ૧૪ કે ૧૫ નિર્વાણ છે ).

મહાવીરના મોટાભાઇ નંદીવર્ધન અને ચંપાપતિ દધિવાહનનો જન્મ ઇ. સ. પૂર્વે ૬૦૧ છે.

શ્રેણિક ને પ્રભુ મહાવીર તથા તે બધાના સગાસંબંધીઓનો ઇતિહાસ સાલવાર ઉપર આપેલ છે. જો કોઇ મુનિ મહારાજ કે શ્રાવક ભાઇ આ સંબંધમાં વધારે ચર્ચા ચલાવી ચોક્કસ નિર્ણય કરે તો જૈનસમાજ તથા જનતા ઉપર ઉપકાર થયો ગણાશે.

જાદવજી તુલસીદાસ શાહ

# મંત્રવિદ્યા અને ચમત્કાર

( લેખક :—શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ )

## વિજ્ઞાનવાદીઓની માન્યતા—

ધર્મકથાઓ કે એવી બીજી માન્યતાઓમાં અગર મંત્રરૂપ ગણાતા સ્તોત્રો વિગેરેમાં જ્યારે ચમત્કારની વાત આવે છે ત્યારે આપણો આધુનિક કેળવાએલો વર્ગ તે તરફ કેવળ ઘૃણા અને તિરસ્કારની નજરે જુએ છે. ચમત્કાર કે મંત્રમાં માનનારાઓ જાણે કોઈ ભદ્રંભદ્રો, અજાણ, ભોળા કે જૂના જમાનાના અવશેષરૂપ કોઇ દયાપાત્રો છે એવી નજરે જોવા માંડે છે. અને ચમત્કાર કે મંત્ર જેવી વસ્તુ જગતમાં નહીં છતાં કેવળ પોતાના અજ્ઞાનની એ વહેમેલી કલ્પના છે, એવી ભાવના પ્રગટ કરે છે. અર્થાત્ એવું લખી મૂકનારા આપણા જેવા કેળવાએલા નહીં પણ વિજ્ઞાનજ્ઞાનહીન, ભોળા કે ભોળાઓને ભ્રમજાલમાં નાખનારા સામાન્ય લેખકો હશે. અર્થાત્ એવા લેખકો તરફ આપણે કેવળ કપોલકલ્પિત કાદંબરી લેખકો હોવા જોઇએ એવી દૃષ્ટિથી જોવું જોઈએ. એની પાછળ એવી પણ વિચારપરંપરા શરૂ થાય છે કે, એમનું લખેલું બધું જ એવું અજ્ઞાનજન્ય કે ભોળપણમાં ખપે તેવું હોવું જોઈએ. એટલે આપણે એમનું અનુકરણ કે અનુસરણ કરવું એ આપણું ભોળપણ ગણાય, માટે આપણને ઠીક લાગે તેટલું જ માની બાકી મૂકી દેવું જોઇએ. એવા પ્રકારની વિચારપરંપરા આપણા કેળવાએલા વર્ગમાં ફેલાએલી છે. એટલા માટે જ ચમત્કાર એ શું વસ્તુ છે અને મંત્રવિદ્યાનો ચમત્કારો સાથે કેવો સંબંધ છે એ વિષય પરત્વે થોડી ચર્ચા કરવાનું આ લેખમાં મેં ઉચિત ધાર્યું છે.

## ચમત્કારની વ્યાખ્યા—

ચમત્કાર એટલે કોઇ ઘટના એવી થઇ જાય છે કે, સ્થૂલ દૃષ્ટિથી જોતાં તેનો કાર્યકારણ સંબંધ જોવામાં કે જાણવામાં ન આવે અને ઘટના તો પ્રત્યક્ષ થાય એવા પ્રસંગે આપણે તેને ચમત્કાર કહી શકીએ. જાદુનો ખેલ કરનાર જ્યારે માટીનો રૂપીઓ બનાવી આપે છે અગર સ્ટેજ ઉપર એવા જુદા જુદા ખેલ કરી બતાવે છે કે, જેનો ઉકેલ સામાન્ય માણસના મનમાં ન આવી શકે તેને તે ચમત્કાર ગણે છે, પણ તેના કાર્યકારણનો સંબંધ જેઓ સમજી શકે છે તેઓ તેને સામાન્ય અને નિત્ય બનતી નિસર્ગસિદ્ધ ઘટના ગણે છે. ચમત્કાર બતાવનાર ઘટના બતાવતી વેળા વચમાંના કેટલાએક અંકોડા પ્રેક્ષકોને બીજી તરફ ધ્યાન આપવા લગાડી ગુપ્ત રાખે છે. અને એવી રીતે સામાન્ય જનતા ભોળવાઈ જાય છે, પણ ચાલાક પ્રેક્ષક તેનું અંતરંગ સમજતો હોવાથી તેને લોકોનું ભોળપણ જ ગણે છે.

બળદ કે ઘોડા જોડ્યા વગર લાખો મણનો બોજો એંજીન તાણે છે, અગર હવામાં વિમાન સુખેથી પ્રવાસ કરે છે ત્યારે ગામડીઆઓ તેને ચમત્કાર માને એ સ્વાભાવિક છે, પણ જેને વરાળની શક્તિ કે વાયુચક્રના નિયમની ખબર હોય એવા વિજ્ઞાન

જાણનારા એને ચમત્કાર નથી માનતા. પણ એ કેવળ નિસર્ગ નિયમોથી બદ્ધ સામાન્ય ઘટના માને છે. ગ્રામોફોનની જડ પ્લેટ જ્યારે સુંદર ગાયન આલાપે છે અને રેડીઓ હજારો માઇલ ઉપરના બોલતા શબ્દો સંભળાવે છે ત્યારે તે વસ્તુ ચમત્કારમાં ખપે એમાં જરાએ શંકા નથી. આ ઘટનાથી ગામડીઆ તો શું પણ સારા સારા કેળવાએલાઓ જેઓ ફક્ત વિજ્ઞાન ભણેલા નથી એવાઓ પણ કેવળ વિશ્વાસથી જ એને ચમત્કાર માનતા નથી. બાકી તેઓ પણ તેને ચમત્કારમાં જ ખપાવવા લલચાય છે. અણુશક્તિનો પ્રભાવ પ્રગટ થયો છે અને ચપટીભર તમાકુમાંથી એકાદ નાના અંશનો ધૂમાડો થઇ જાય અને ધૂમાડાના ગોટેગોટા હવામાં પ્રસરે તેમાંથી એકાદ અણુમાં અદ્ભૂત શક્તિ હોઇ શકે ત્યારે આપણા ચમત્કારની વ્યાખ્યા વિચિત્ર ઘટનામાં મુકાઇ જાય છે. આપણે વિજ્ઞાનમાં બતાવેલા અને વિજ્ઞાનશાસ્ત્રીઓએ સિદ્ધ કરી બતાવેલા નિયમો જ્યારે અનુભવીએ છીએ અને એવી ઘટનાઓ કેવળ નિસર્ગસિદ્ધ છે, એમાં ચમત્કાર જેવું કાંઇ છે જ નહીં એવું જોઇએ છીએ ત્યારે આપણે જેને ચમત્કાર કહેતા હોઇએ તે કેવળ નિસર્ગસિદ્ધ વસ્તુ છે એમ જાણવામાં આવે છે. મતલબ કે જેના અંકોડા પૂરેપૂરા આપણે જાણતા ન હોઇએ અને ઘટનાઓ વિચિત્ર લાગે તેને જ આપણે ચમત્કાર માનીએ છીએ. તેની પરંપરા ક્યાં સુધી જઇ શકે છે તેનો આપણે વિચાર કરીએ.

**ચમત્કારની પરંપરા—**

વિજ્ઞાનવાસીઓ નિત્ય નિસર્ગના નવા નિયમો શોધી કાઢવામાં રોકાએલા છે, તેથી દી' ઊગે નવા નિયમોનો આવિષ્કાર થતો નજરે પડે છે. અને જેમ જેમ નવી શોધખોળો વધે છે તેમ તેમ નિસર્ગની ગૂઢતા પણ વધુ ને વધુ દૃષ્ટિગોચર થતી જાય છે. એટલે આજનો ચમત્કાર થોડા દિવસમાં જ સામાન્ય વસ્તુ બની જાય છે. શબ્દોચ્ચારના આંદોલનો હવામાં ઉત્પન્ન થાય છે અને પરંપરાએ એકથી એક મોટા ચક્રોનું રૂપ લઇ વાતાવરણના બધા પ્રદેશમાં જેમ ફરી વળે છે તેમ આપણા મનમાં ચાલતા વિચારો એવી જ લહેરો વાતાવરણના સૂક્ષ્મ પ્રદેશમાં ફેલાવતા હોય તો કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. સ્થૂલ શબ્દોચ્ચાર જ્યારે આનંદની, ખેદની, ભીતિની અને આશ્વાસનની લાગણી પેદા કરે છે ત્યારે જુદી જુદી લાગણીઓથી પ્રેરાએલા જુદા જુદા વિચારો કે જેનો ઉચ્ચાર થયો ન હોય તેવા વિચારો આંદોલનો કે કંપ પેદા નથી કરતા એમ આપણે કેમ માની શકાય ? આપણી મર્યાદિત શક્તિને લીધે આપણા મગજમાં તે કદાચ ન ઉતરે તેથી તેવી વસ્તુનો અભાવ જ છે એમ આપણાથી કેમ કહી શકાય ? મતલબ કે વિચારો પણ પોતાનું કાર્ય કરે છે જ, એમ માન્યા વિના ચાલે તેમ નથી. જેમ જડ શબ્દો જડ સૃષ્ટિમાં આંદોલનો પેદા કરે છે તેમ સૂક્ષ્મ વિચારતરંગો પણ પોતાનો ભાગ ભજવે જ જાય છે એટલું જ નહી પણ સ્થૂલ કરતા વધુ ભાગ ભજવે છે એમ માનવામાં જરાએ શંકા જેવું નથી.

**વિજ્ઞાને બનાવેલા જુદા જુદા ચમત્કાર—**

આપણે હીપનોટીઝમ, મસ્મેરીઝમ, ઓટોમેટીક રાયટીંગ, માઇંડ રીડીંગ વિગેરે પ્રયોગો વિષે તો કોઇ વખત સાંભળેલું હશે જ. અને એ પ્રયોગો વિજ્ઞાનવાદીઓ તરફથી જ થએલા

છે અને તેની નોંધો પણ લેવાઇ છે. એટલું જ નહીં પણ તેના ગ્રંથો પણ લખાયા છે. એ પ્રયોગો બધા ચમત્કારમાં જ ખપે તેવા છે. કારણ ઘુંટણુ ઉપર પુસ્તક ઊંધું મુકી વાંચવું, બીજાના મનની વાતો બરાબર કહી આપવી, શરીરનો અમુક ભાગ શૂન્ય–લાગણી-હીન કરી નાખવો અને તેના ઉપર વાઢકાપ પોતાની આંખ સામે કરતાં જોવું વિગેરે વાતોના પ્રયોગો પ્રત્યક્ષ થાય છે જેના અંકોડા જોવામાં આવતા ન હોવાથી તે ચમત્કારમાં ખપે એ સ્વાભાવિક છે. પણ તે પ્રયોગ કરનારા તેને નિસર્ગ નિયમોથી જુદું માનતા નથી. પણ એ બધી વસ્તુઓ નિયમબદ્ધ રચના છે. એમાં ચમત્કાર જેવી વસ્તુ નથી. ફક્ત એનાં આંદોલનો સૂક્ષ્મતર વિચારસૃષ્ટિમાં થતા હોવાથી તેને લોકો ચમત્કાર માને એ સ્વાભાવિક છે.

**મંત્રોચ્ચાર—**

બ્રહ્મબીજ, માયાબીજ, લક્ષ્મીબીજ વિગેરે મંત્રાક્ષરો માનવામાં આવે છે. અને બીજા કેટલાએક મંત્રમય સ્તોત્રો પણ મંત્ર તરીકે માનવામાં આવે છે. તેનું કાર્ય કેવું હોઇ શકે તેનો આપણે વિચાર કરીએ.

શબ્દોચ્ચારના આંદોલનો તો જોવામાં આવે છે, જ એ માટે કોઇને સંદેહ નથી. ત્યારે યોગમાર્ગના જાણનારા હજારો વરસોના દીર્ઘ અનુભવી સંતપુરુષોએ અમુક જાતનું વાતા-વરણ કે વિશિષ્ટ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે શબ્દના માર્ગથી આંદોલનો અને કંપ ઉત્પન્ન કરવાની યોજના ઘડી મૂકેલ હોય હોય એમાં અવિશ્વાસ કરવા જેવું શું છે ? હા. એ વસ્તુ આપણે કબૂલ કરવી પડશે કે, એ શબ્દના સાચા માર્ગના પ્રયોગો જાણનારા જગતમાં ઓછા છે. એને જેઓ તે જાણે છે તેઓ દુનિયામાં દેખાવ અગર તમાસા જેવું કરી મૂકવા રાજી હોતા નથી. પૉલ બ્રંટન નામના એક અંગ્રેજ સંશોધકે હિંદમાં આવી, બધા પ્રદેશો ફરી કેટલાએક યોગીઓની મુલાકાત લીધેલી છે. અને પોતાના પ્રત્યક્ષ અનુ-ભવો લખી એક ગ્રંથરૂપે પ્રગટ કરેલા છે તેમાં લખેલ બધી ઘટનાઓ ચમત્કારરૂપની જ ગણાય. પણ તે તે યોગીઓની એ સામાન્ય કૃતિઓ છે. યોગિઓ તેને ચમત્કાર માનવા તૈયાર નથી. મતલબ કે જ્ઞાનીઓ જેને નિસર્ગસિદ્ધ સામાન્ય ઘટનાઓ કહે છે તેને સામાન્ય માણસો ચમત્કાર જ માની લે છે. યોગીઓ પોતાની ધ્યાનધારણાથી જે સિદ્ધિઓ મેળવે છે તેને જ સામાન્ય માણસો ચમત્કાર કહે છે. અણિમા, ગરિમા આદિ લબ્ધિઓ જ્ઞાનીઓને મન તો જાણે મનુષ્યની ઉમર વધતા જે વિકાસ અને વિચાર વધે છે તેવો જ એ સ્વાભા-વિક પ્રસંગ છે. તેમાં નવું કાંઇ પણ તેઓ માનતા નથી. અને જેઓ તેમ માનવા લલ-ચાય છે તેને યોગભ્રષ્ટ જ માનવામાં આવે છે. યુવાન મનુષ્યને જેમ અમુક વિકારો ઉદ્ભવે તેમજ યોગીઓને પોતાની સાધનામાં સિદ્ધિઓ પ્રાપ્ત થાય એ સ્વભાવિક ઘટના છે. ત્યારે ચમત્કાર એ કાંઇ સ્વતંત્ર વસ્તુ નથી પણ અમુક ઘટના કે ક્રિયાનો પરિપાક છે. તેથી બીજાઓ મુંઝવણમાં પડી પોતાની અપરિપકવ બુદ્ધિથી ગમે તેમ માની બેસે અથવા જેનો કાર્યકારણભાવ પોતાના મગજમાં ન ઊતરે તે વસ્તુનો ઇનકાર જ કરી બેસે એ તદ્દન અજ્ઞાનપણું જ નહીં તો બીજું શું ?

—( અપૂર્ણ )

# નોંધ.

[ તા. ૧૦ તથા ૧૧ મીના રોજ વડોદરાખાતે અ. હિં. જૈન શ્વેતાંબર કોન્ફરંસની સ્ટેન્ડીંગ સમિતિની બેઠક પ્રસંગે થયેલ પ્રવચનનો સારભાગ ઉધ્ધૃત કરવામાં આવેલ છે. ]

**પ્રમુખશ્રી શેઠ મેઘજીભાઈ સોજપાલનું પ્રવચન—**

**મધ્યસ્થ તંત્ર અને તીર્થાદિ રક્ષા**—આ પ્રશ્ન પરથી આપણે ખાસ નોંધવા જેવી બીના એ છે કે–આપણા પવિત્ર તીર્થો ભિન્ન ભિન્ન રાજ્યોમાં છે, પરંતુ સમગ્ર હિંદુસ્તાનના જૈનો તેમાં હિત ધરાવે છે. તેની રક્ષા માટે અમુક પ્રાંત કે રાજ્ય કે જેની સરહદમાં તે તે તીર્થો આવેલા હોય, તે પ્રાંત કે રાજ્ય જો કે પ્રાથમિક રીતે જવાબદાર તો છે જ, પણ તે પ્રશ્ન સારા હિંદુસ્તાનના જૈનોનો પ્રશ્ન હોઇ મધ્યસ્થ તંત્રે પણ તેની જવાબદારી લઇ તેની રક્ષાની ખાત્રી જૈન સમાજને આપવી જોઇએ.

આ સંબંધી તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટીની તા. ૨૧–૪–૧૯૪૭ ને દિને મળેલી સભામાં કરેલો ઠરાવ મહત્વનો હોઇ તેનો અત્રે ઉલ્લેખ કરું છું.

"હિંદની કોન્સ્ટીટયુએન્ટ એસેમ્બલી દેશ માટે જે બંધારણ તૈયાર કરી રહી છે તેમાં જૈન સમાજ તરીકેના જુદા રાજકીય હકો ન માંગતા જૈન તીર્થો, ટ્રસ્ટો, ધાર્મિક સંસ્થાઓ, સ્થાપત્યાદિ સંસ્કૃતિ અંગે માલિકી વહિવટ તથા નિયમન માટેના પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે જૈનોની બહુમતિને સ્વીકાર્ય હોય એ પ્રમાણે ધારા વિગેરે પસાર કરવા એક રેપ્રિઝેન્ટેશન કોન્ફરન્સ તરફથી મોકલવા ઠરાવવામાં આવે છે અને એ મુદ્દાઓને સ્પર્શતું રેપ્રિઝેન્ટેશન તૈયાર કરી મોકલી આપવા નીચેના સભ્યોની પેટા–સમિતિને સત્તા આપવામાં આવે છે ઇત્યાદિ."

આ ઠરાવ અનુસાર જે રેપ્રિઝેન્ટેશન તૈયાર કરવામાં આવ્યું છે તેનો ખરડો આપ જોઈ શકશો. આ રેપ્રિઝેન્ટેશન હિંદની કોન્સ્ટીટયુએન્ટ એસેમ્બલી દેશ માટે જે બંધારણ તૈયાર કરી રહી છે તેને એટલા માટે મોકલવામાં આવ્યું છે કે જ્યારે જ્યારે જૈન તીર્થો, ટ્રસ્ટો, ધાર્મિક સંસ્થાઓ તથા જૈન સ્થાપત્ય આદિ સંસ્કૃતિ અંગેના પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે જે ધારા કે કાયદા ઘડવામાં આવે તે જૈનોની બહુમતિને સ્વીકાર્ય હોય તે રીતે ઘડાવા જોઇએ.

આ બાબતમાં આપણી પણ જે ફરજ છે તે સંબંધી એક સૂચના પત્ર તા. ૨૩ નવેંબર ૧૯૪૬ ની સ્ટેન્ડીંગ કમિટિની સભામાં નક્કી કર્યા પ્રમાણે તૈયાર કરી યોગ્ય સ્થળે મોકલવામાં આવ્યું છે. તેનો મુખ્ય ધ્વનિ એ છે કે આપણે જૈનોમાં અરસપરસ સંગઠન કરવું અને આવા મહત્વના પવિત્ર ધાર્મિક પ્રશ્નોમાં ફિરકાભેદ વચ્ચે લાવ્યા સિવાય દરેક જૈને સંપૂર્ણ સહકાર આપવો એટલું જ નહિ પરંતુ જાહેર પ્રજા સાથે પણ પૂર્ણ સહકાર કરવો. વળી તાલિમબદ્ધ સ્વયંસેવકો દ્વારા પણ તીર્થોની રક્ષા માટે પ્રબંધ થવો જોઇએ.

આ બાબત આપણને જૈન સમાજના યુવાનોમાં શારીરિક તાલિમ લોકપ્રિય કરવાની જરુરિયાત પર લાવે છે. આપણી કોમ એ વ્યાપારી કોમ છે. એટલે વ્યાપાર સિવાય એને જીવનમાં બીજું કોઇ પણ ધ્યેય આકર્ષતું નથી. આપણે સર્વ બાબતની ગણત્રી

કરીએ છીએ, પરંતુ સ્વસ્થ તંદુરસ્ત શરીર જીવન જીવવાનો મુખ્ય પાયો છે એ ભૂલી જઈએ છીએ. આપણા છોકરાઓ શાળા કે કોલેજોમાં ઊંચો નંબર લાવે તે માટે આપણે જેટલા આતુર હોઇએ છીએ તેટલા છોકરાઓ રમતગમતમાં કે વ્યાયામમાં નામ કાઢે તે માટે આતુર હોતા નથી.

મારે કહેવું જોઇએ કે રાજકીય ક્ષેત્રમાં આપણે યોગ્ય પ્રમાણમાં ભાગ લેતા નથી, તેમજ સનંદી તથા બીજી જાહેર નોકરીઓમાં આપણે ભાગ્યેજ જોડાઇએ છીએ. આપણે ઘેર દેશપરદેશનો ધીકતો ધંધો હોય કે અઢળક ધન હોય તો પણ વિલાયતમાં જેમ પાર્લામેંટમાં સભ્ય થવું અને રાજકાજમાં ભાગ લેવો તેમજ પ્રધાનમંડળમાં જોડાઈ રાજવ્યવસ્થા કરવી એ દેશસેવા અને સ્વાભિમાનનો વિષય મનાય છે તેમ આપણે ત્યાં પણ સનંદી તેમજ બીજી જાહેર નોકરીઓમાં જોડાઇ દેશસેવા કરવી એ તેમજ મનાવું જોઇએ. આપણા ભાઇઓ રાજક્ષેત્રમાં મહત્ત્વના હોદ્દા પર હોય તો સમાજનું માનસ જ બદલાઈ જાય. દેશપરદેશના સંબંધો રાજપ્રકરણમાં જેટલા મહત્ત્વના છે તેટલા જ વ્યાપારમાં પણ મહત્ત્વના છે.

**ધાર્મિક કેળવણી**—ધાર્મિક કેળવણી એ આપણે માટે મહત્ત્વનો પ્રશ્ન છે. એમાં ક્રિયાકારણનો તેમજ દાર્શનિક જ્ઞાનનો સમાવેશ થાય છે. વળી આપણું પ્રાચીન સાહિત્ય અર્ધમાગધી અથવા મહારાષ્ટ્રી પ્રાકૃત છે, તેથી તે ભાષાનું જ્ઞાન પણ આપણે માટે આવશ્યક છે. ભારતવર્ષના ભિન્નભિન્ન દર્શનોનું મૌલિક સાહિત્ય સંસ્કૃત ભાષામાં છે. આજે શું દર્શન કે શું ધર્મ દરેકનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ થાય છે. ત્યારે આપણે માટે પ્રાકૃતની સાથે સાથે સંસ્કૃત ભાષાનો પણ અભ્યાસ એટલો જ જરૂરી છે. વળી આપણા પવિત્ર આગમોની ટીકાઓ સંસ્કૃતમાં રચાયલી છે. દાર્શનિક ગ્રંથો તુલનાત્મક અધ્યયન માટે બહુ ઉપયોગી છે, તેથી તત્ત્વજ્ઞાનના અર્થાત્ દાર્શનિક શિક્ષણ માટે સંસ્કૃત તેમજ પ્રાકૃતનું અધ્યયન સરખું જ જરૂરી છે. આપણી કોન્ફરન્સનું અંગભૂત શ્રી જૈનશ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ થોડે ઘણે અંશે ધાર્મિક કેળવણીનું કાર્ય કરી રહ્યું છે; પરંતુ બોર્ડે વધુ વિકાસ સાધી પ્રગતિ કરવી જરૂરી છે. આપણા પવિત્ર આગમ સાહિત્યનું અધ્યયન કરાવવા યોગ્ય ગોઠવણ કરી તેના અભ્યાસીઓ વધે તે માટે બોર્ડે પ્રયાસો કરવા જોઇએ.

**કોન્ફરન્સના મહામંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહનું પ્રવચન—**

સમસ્ત વિશ્વ આજે મહાન ક્રાન્તિમાંથી પસાર થઇ રહ્યું છે. કોઇએ નહીં કલ્પેલા બનાવો ઝડપભેર બની રહ્યાં છે. આવતી કાલ કેવી હશે તેની ચિન્તા સૌના મનને મુંઝવી રહી છે. એ સમયે જૈન સમાજની પરિસ્થિતિનું ટૂંકમાં અવલોકન કરવું અસ્થાને નહિં ગણાય.

**સમાજની પરિસ્થિતિ**—એક સમય એવો હતો જ્યારે જૈન સમાજની ગણના ભારતવર્ષના એક મહત્વના સમાજ તરીકે થતી હતી. નાની-મોટી કોઇપણ બાબતમાં એને માટે નિર્ણિત સ્થાન હતું. વ્યાપાર શું કે રાજકારણ શું ? સમાજવ્યવસ્થા શું કે શિક્ષણ શું ? કોઇપણ ક્ષેત્ર એવું ન હતું કે જેમાં તેને યોગ્ય સ્થાન ન હોય. શ્રી મહાવીરના અનુયાયીઓ વ્યાપારમાં દક્ષતા બતાવી જેમ કરોડો રૂપીયા ઉપાર્જન કરી શકતા તેમ વખત આવ્યે શસ્ત્રો લઇને લડવા પણ જતા.

**સહકાર અને રચનાત્મક કાર્ય**—જૈન સમાજને જો માનભર્યું સ્થાન પ્રાપ્ત કરવું હોય તો તેણે પરિસ્થિતિનો ઊંડો અભ્યાસ કરી વ્યવસ્થિત કાર્ય ઉપાડવાની જરૂર છે. ઘણાંએ પ્રશ્નો એવા છે કે જેમાં ગમે તે પક્ષની માન્યતા હોવા છતાં સાથે મળીને કાર્ય કરવામાં મુશ્કેલી આવે તેમ નથી. દાખલા તરીકે શિક્ષણ સંસ્થાઓનું સંગઠન કરવું, ધાર્મિક કેળવણીનો પ્રચાર કરવો. સ્થળે-સ્થળે સ્વયંસેવક મંડળો ઊભા કરવા, દવાખાનાઓ ખોલવા, પુસ્તકાલયો ઉઘાડવા, શારીરિક વિકાસની તાલીમ આપતા કેન્દ્રો ઊભા કરવા.

**ધર્મવિમુખ થતો સમાજ**—ધર્મ પ્રત્યે અભિરૂચી જગાડવાનું કાર્ય પૂજ્ય શ્રમણ સંસ્થાનું છે. ભૂતકાળમાં દ્રષ્ટિપાત કરીશું તો જણાશે કે ઉચ્ચ ચારિત્ર અને વિદ્વત્તાના પ્રભાવથી કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે કુમારપાળ મહારાજાને પ્રતિબોધ આપી જૈન ધર્મના અનુરાગી બનાવ્યા. શ્રી હીરવિજયસૂરિએ બાદશાહ અકબરને ધર્મનો મર્મ બતાવી અમારી પડહના પરવાના મેળવ્યા.

જો આધુનિક વાતાવરણમાં આપણે નહીં ચેતીએ તો સમય એવો આવશે કે જે વખતે જૈન ધર્મ માત્ર પુસ્તકોમાં લખાયેલ ધર્મ રહી જશે. આ માટે સંગઠન સાધવાની ખાસ જરૂર છે. અત્યારે ગચ્છના કે ફિરકાના ભેદો ભૂલી જવાનો કાળ છે. સ્થાનકવાસી-દિગંબરો કે આપણે સૌ એક જ પ્રભુના અનુયાયીઓ છીએ ત્યારે કોઇને પણ દુકાનદારી માંડી બેસવાનું તેમજ ઉદાસીન વૃત્તિ સેવવાનું પાલવે એમ નથી.

**ધાર્મિક શિક્ષણ**—ધાર્મિક શિક્ષણનું કાર્ય હાલ જે ઢબે ચાલી રહ્યું છે તે કોઈ પણ રીતે સંતોષકારક જણાતું નથી. પ્રથમ તો ધાર્મિક શિક્ષણ આપનારી પાઠશાળાઓ પૂરતી નથી કે વ્યવસ્થિત નથી. પાઠશાળાઓ છે ત્યાં ધાર્મિક શિક્ષણમાં રસ લેનારાઓ ઓછા છે અને જ્યાં એવી રસવૃત્તિ છે ત્યાં યોગ્ય શિક્ષકો નથી. જો ધર્મના સિદ્ધાંતો યોગ્ય રીતે સિંચવામાં નહીં આવે તો ભવિષ્યની પ્રજા ધર્મ સંસ્કારોથી વંચિત રહેવાનો ભય છે. જૈન ધર્મ શિક્ષણ તો પ્રજાને અહિંસાની ભાવનાથી ઓતપ્રોત બનાવે, હૃદયમાં દયાની ભાવના જગાડે અને તે આખાયે જીવનમાં દીવાદાંડીરૂપ બની રહે. સમાજ કેળવણી પાછળ લાખો રૂપીયા ખર્ચે છે અને તે ખરેખર સમાજના અહોભાગ્ય છે પરંતુ વધારે સુવ્યવસ્થિત રીતે ખરચાય તો આટલા જ ખરચમાં અનેકગણો લાભ ઉઠાવી શકાય.

**શારીરિક શિક્ષણ**—શારીરિક હાલતમાં પણ આપણે ઘણી જ શોચનીય સ્થિતિ ભોગવી રહ્યા છીએ. આપણું આયુષ્ય પ્રમાણ ઘટયું અને બાળમરણ પ્રમાણ વધ્યું છે તેમ થવાના મુખ્ય કારણોમાં વ્યાયામ અને શારીરિક પરિશ્રમ પ્રત્યેની આપણી ઉપેક્ષા મુખ્ય છે.

**સ્વરક્ષણ અને સંગઠન**—હિન્દની હાલની પલ્ટાયેલી સ્થિતિમાં બીજા પણ મહત્ત્વના પ્રશ્નો ઊભા થયા છે તેમાં સ્વરક્ષણનો પ્રશ્ન મહત્વનો છે. કોમી વૈર કોઇ પણ સમય કરતાં વધારે વિષમ રીતે પ્રસરી રહ્યું છે. તેના ખપ્પરમાં અનેક નિર્દોષ મનુષ્યો હોમાઇ રહ્યા છે અને હજુ કેટલાં હોમાશે તે કહી શકાય તેમ નથી.

× × ×

## તા. ૩૧ મે તથા ૧ લી જુનના રોજ પાલીતાણાખાતે મળેલ અ. ભા. જૈન સ્વયંસેવક પરિષદ્‌ના પ્રમુખ શ્રી પોપટલાલ રામચંદ શાહના પ્રવચનનો સારભાગ.

મારા સ્વયંસેવક ભાઇઓને હું કહીશ કે આપણી પાસે સ્વયંસેવાનો જે નાનો સરખો દીપક છે એ દીપને હરહંમેશ પ્રદિપ્ત રાખીને જૈન સમાજમાં આપણે જાગૃતિ લાવવાની છે. જૈન સમાજમાં નવા પ્રાણ પુરાવાના છે. એ દીપના પ્રકાશદ્વારા સમાજના મતભેદો નિવારવા છે. ધર્મશ્રદ્ધાળુ અને સુધારક અને બધાં બળોને સમાજની રચનાત્મક કાર્યની યોજના તરફ પ્રેમપૂર્વક વાળવાના છે. જે સમાજ પાસે આવી ઉચ્ચ ભાવનાવાળા સ્વયંસેવકો છે તે દેશ–એ રાષ્ટ્ર જ આજે દુનિયામાં ટકી રહેવાને માટે લાયક છે. માત્ર એક હજાર આવા સ્વયંસેવક ધારે તો સમાજની કાયા પલટાવી શકે–નવયુગ પ્રગટાવી શકે.

અત્રેથી જુદા પડીને તમારા સ્થાન ઉપર જાવ ત્યારે તમારે શું કરવાનું છે તેનો વિચાર કરશો. સ્વયંસેવકની પરિષદને ઠરાવોની હારમાળા ન શોભે તેમ આપણે પણ વધારે ઠરાવો કર્યા નથી, એમ છતાં જે ઠરાવ કર્યા છે તેમાં કરવાનું ઘણું છે. સ્વયંસેવક ઓછામાં ઓછું બોલે–વધારેમાં વધારે કરે. તેવી જ રીતે પરિષદે ઓછામાં ઓછા શબ્દોમાં પોતાના નિર્ણયો નક્કી કર્યાં છે પણ તેને કરવાનું ઘણું છે. તમારા સ્થળે ઊગતી પ્રજાને સશક્ત બનાવવા માટે વ્યાયામની તાલીમનો અખાડો ન હોય તો તે ઊભો કરજો–સ્વયંસેવાની ભાવના યુવક દિલમાં ન હોય તો તે ભાવના જાગૃત કરી એક સારું સ્વયંસેવક દળ ઉત્પન્ન કરજો. ચાહવું અને સહેવું એ ભગવાન્ મહાવીરનો પરમ મંત્ર છે તેમ સેવાની ભાવના ખીલવતા ખીલવતા સહન કરવાના, નિર્ભયતા કેળવવાના પાઠો ન ભૂલશો.

## અ. ભા. જૈન સ્વયંસેવક પરિષદ્‌ના સ્વાગત પ્રમુખ શ્રી ધીરજલાલ જીવણલાલ પારેખના પ્રવચનનો સારભાગ.

જુદા જુદા ક્ષેત્રમાં કાર્ય કરતાં સેવકો અને ધર્મ, સમાજ અને રાષ્ટ્રની વિવિધ પ્રકારે સેવા કરતાં સ્વયંસેવકોને આ તકે મારી નમ્ર અપીલ છે કે,–તમે ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા રાખી, રાષ્ટ્ર અને સમાજના સાચા સેવક તરીકે તમારું કાર્ય ચાલુ રાખશો તો એવા એક જ સેવકની નિઃસ્વાર્થ સેવાના પુંજે જૈન સમાજમાં સંઘ અને સંગઠનના ઊંડા બીજ સ્થાપી સાચો ઉત્કર્ષ લાવી શકશે. સ્વયંસેવક હંમેશા પોતાની ફરજનો વિચાર કરે છે પરિણામ કે બદલાની ભાવના વગર નિયત કરેલ માર્ગે નિશ્ચયતાપૂર્વક, મજબૂત મનોબળથી સદા જાગૃત રહી આગળ વધે છે.

પ્રારંભિક પગલાં તરીકે મુખ્ય જરૂરિયાત, પક્ષાપક્ષના વમળથી પર અને એકસરખી વિચારશ્રેણી ધરાવી શકે તેવા સેવાભાવી મંડળો દરેક ગામ અને શહેરમાં સ્થાપવાની છે. આવા મંડળો હાલ જે જે શહેર અગર ગામમાં હોય તે સર્વનું એકીકરણ કરવા એક મધ્યસ્થ સંસ્થા સ્થાપી, આવા મંડળોદ્વારા સ્વાવલંબી અને તાલીમબદ્ધ સેવકો તૈયાર કરવા સારૂ વ્યાયામશાળાઓ સ્થાપવી. આજે જૈન નિર્બળ અને કાયર ગણાય છે તે ભુંસી નાંખવા સારુ મજબૂત મનોબળ, તન્દુરસ્ત શરીર અને સ્વબચાવની તાલીમની મુખ્ય જરૂર છે.

# અપીલ

ગતાંકમાં જણાવ્યા બાદ આ માસમાં "શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ" માં નીચે મુજબ સહાયની રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે; અને જે જે ગૃહસ્થોએ પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેમને મોકલવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

| | | |
|---|---|---|
| ૬૦૧॥= | અગાઉ સ્વીકારાએલ છે. | |
| ૧૧) | શાહ લાડકચંદ પાનાચંદ | બોટાદ |
| ૧૧) | શાહ વાડીલાલ મનસુખરામભાઇ શ્રી શાંતિનાથની પોળ | અમદાવાદ |
| ૫) | દોશી હુકમચંદ કુંવરજી | આંદરણા |
| ૨॥= | શા ડાહ્યાભાઇ હીરાચંદ | અમદાવાદ |
| ૬૩૦॥। | | |

# શ્રી પર્યુષણ પર્વ માહાત્મ્ય

## [ શ્રી કલ્પસૂત્ર બાળાવબોધ ]

પર્યુષણના પરમપવિત્ર દિવસોમાં આ ગ્રંથ મનનપૂર્વક વાંચવા જેવો છે. આઠે વ્યાખ્યાનો ગુજરાતી ભાષામાં સમજાય તેવી રીતે વર્ણવવામાં આવ્યા છે. "પર્યુષણ પર્વ માહાત્મ્ય" નામના આ ગ્રંથને માટે વિશેષ લખવું તે સોનાને ઓપ આપવા જેવું છે. ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે સાડા ત્રણસો છતાં મૂલ્ય માત્ર રૂ દોઢ, પોસ્ટેજ અલગ. શીલીકે નકલો ઓછી હોવાથી જલ્દી મંગાવો.

લખો.--શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

# પાક્ષિકસૂત્ર, શ્રમણસૂત્રાદિ સંગ્રહ [ પ્રતાકાર ]

## [ સંસ્કૃત અનુવાદ અને ગુજરાતી ભાષાંતર યુક્ત ]

આ પ્રત ઘણા પરિશ્રમથી તૈયાર કરવામાં આવેલ છે. પાક્ષિક સૂત્ર, પાક્ષિક ખામણા, આહારના સુડતાલીશ દોષ અને શ્રમણસૂત્ર શુદ્ધ કરીને દાખલ કરવામાં આવેલ છે. પાક્ષિક સૂત્રને અંગે મહાવ્રતો, સંયમના પ્રકારો તથા કાલિક અને ઉત્કાલિક સૂત્રોનું વિવેચન વિગેરે સાધુ-સાધ્વીઓને ઉપયોગી વસ્તુનો સુંદર રીતે અર્થ સમજાવવામાં આવ્યો છે. બાળ અગર તો નવદીક્ષિત સાધુ-સાધ્વી માટે અતીવ આવશ્યક ડ્રોઇંગ પેપર ઉપર છપાયેલ તેર [illegible] પ્રતની કિંમત એક રૂપિયો પોસ્ટેજ ચાર અ[illegible]

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

## પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

' ભરતેસરબાહુબલિ 'ની સજ્ઝાય તો રાઈ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૯૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ક્રેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ–પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઈ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ( ગદ્યબદ્ધ )

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી પંડિત રૂપવિજયજીએ સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂા. ચાર, પોસ્ટેજ અલગ.


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.